**આજનો સુવિચાર**

જે વ્યક્તિ પોતાની ભૂલો માટે પોતાની સાથે જ, લડે છે તેને કોઈ હરાવી શકતું નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૮૯ જૂનાગઢ તા.૨૩-૦૭-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 189, Junagadh : Date : 23 July, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### નવી ટેકસ પ્રણાલીમાં ફેરફારો : જુની ટેક્સ સીસ્ટમ યથાવત

# ઈન્કમટેકસ સ્લેબમાં વ્યાપક ફેરફારો : રૂા.૩ લાખ સુધીની આવક કરમુક્ત



## મોદી સરકાર દ્વારા સહયોગી પક્ષો માટે ખજાનો ખુલ્લો મુકાયો : મુદ્રા લોનની સીમા રૂા.૧૦ લાખથી વધારીને રૂા.૨૦ લાખ કરાઈ : પીએમ આવાસ યોજના અંતર્ગત ૩ કરોડ નવા ઘર બનાવાશે : સોના-ચાંદીની કસ્ટમ ડયુટી ઘટાડીને ૬ ટકા કરાઈ : ઈન્કમટેક્ષ પ્રણાલીને સરળ બનાવવામાં આવશે : ઈ-કોમર્સ પર ટીડીએસ ૧ ટકાથી ઘટાડી ૦.૧ ટકા કરાયો : સરકારનું ધ્યાન ગરીબો, મહિલાઓ, યુવાનો અને ખેડુતો પર રહેવાની જાહેરાત કરાઈ

## શેરબજાર ઉંધા માટે પછડાયું : સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો કડાકો

નવી દિલ્હી તા.૨૩

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેનું બજેટ રજુ કરતાં દેશની અર્થવ્યવસ્થાનું ચિત્ર રજુ કરતાં જણાવ્યું હતું કે, મુશ્કેલ સમયમાં પણ ભારતની અર્થવ્યવસ્થા ચમકી રહી છે. તેમણે ઉમેર્યું કે, સરકારનું ધ્યાન ગરીબો, મહિલાઓ, યુવાનો અને ખેડુતો પર રહેશે. સરકાર નોકરીની તકો વધારશે.

તેમણે કહ્યું કે 'ભારતની અર્થવ્યવસ્થા સતત સારું પ્રદર્શન કરી રહી છે, અને ભવિષ્યમાં પણ આ ચાલુ રહેવાની અપેક્ષા છે. મોંઘવારી સતત નિયંત્રણમાં છે. ખાદ્યપદાર્થો પણ ઉપલબ્ધ છે. જેમ કે અમે વચગાળાના બજેટમાં કહ્યું - ગરીબ, મહિલા, યુવા અને અન્નદાતા - અમે આ ચાર વર્ગો પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગીએ છીએ. એક મહિના પહેલા અમે લગભગ તમામ મિલેટ્સ પર MSP વધારવાની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ૮૦ કરોડથી વધુ લોકોને લાભ આપવા માટે ચાલી રહી છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું કે, 'ભારતની અર્થવ્યવસ્થાનો વિકાસ સતત સારો થઈ રહ્યો છે. ભારતનો ફુગાવો સ્થિર છે, ૪ ટકાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે. ગરીબ, યુવા, મહિલાઓ, ખેડૂતો જેવા મહત્વના વર્ગો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રોજગાર, કૌશલ્ય, MSME, મધ્યમ વર્ગ પર સતત ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે રોજગાર અને કૌશલ્ય પ્રશિક્ષણ સંબંધિત ૫ યોજનાઓ માટે ૨ લાખ કરોડ રૂપિયાનું બજેટ છે.

નિર્મલા સીતારમણનું આ સતત ૭મું બજેટ છે. તેમણે કહ્યું, 'સરકારનું ધ્યાન ગરીબો, મહિલાઓ, યુવાનો અને ખેડૂતો પર રહેશે. સરકાર નોકરીની તકો વધારશે.

નાણામંત્રી સવારે સૌથી પહેલા મંત્રાલય પહોંચ્યા અને અધિકારીઓ સાથે બેઠક કરી. આ પછી તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળવા રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા, આ પછી તે સંસદ ભવન પહોંચ્યા હતા. કેબિનેટે અહીં સંસદ ભવનમાં બજેટને મંજૂરી આપી હતી.

નાણામંત્રીએ બજેટમાં વધુમાં જણાવ્યું કે, તેઓ રાજ્યોને સ્ટેમ્પ ડયુટી ઘટાડવાનું જણાવશે. જેથી પ્રોપર્ટીની કિંમત નીચે લાવી શકાય. દેશની ટોચની ૫૦૦ કંપનીઓએ ઈન્ટર્નસીપ લાવવાની રહેશે. દેવાળીયા કાનૂનને વધુ સંગત બનાવવામાં આવશે. ૧૦૦ મોટા શહેરોમાં પાણી-પૂરવઠા પર ધ્યાન આપવામાં આવશે. અમે પ્રાઈમ મીનીસ્ટર સૂર્યઘર, મફત વીજળી યોજના લાવ્યા છીએ જે અંતર્ગત ૧૪ લાખ અરજીઓ સ્વીકારવામાં આવી છે. ૧૨ નવા ઈન્ડસ્ટ્રીયલ હબની મંજુરી આપવામાં આવી છે. ઋણ રીકવરી ટ્રીબ્યુનલ બનાવવાની તેમણે જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું કે, રાજયોની તેમની વિકાસ પ્રાથમિકતા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. ચાલુ વર્ષે પૂંજીગત ખર્ચ માટે ૧૧,૧૧,૧૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.ભારતમાં વૈશ્વિક પર્યટનને પ્રોત્સાહન આપવા માટે વ્યાપક કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જણાવ્યું, તેમણે કહ્યુ કે કસ્ટમ ડયુટી સીમા શુલ્કને સરળ બનાવવા માટે સમીક્ષા કરાશે. કેન્સરની ત્રણ દવા પર કસ્ટમમાં છુટ આપવામાં આવી છે. મોબાઈલ ફોન તથા ચાર્જર પર કસ્ટમ ડયુટી ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવી. ૨૫ આવશ્યક ખનીજ પર કસ્ટમ ડયુટી નહીં લાગે. જીએસટીથી આમ આદમી પર ટેકસનું ભારણ ઓછું થયું છે તેમજ કેન્દ્ર અને રાજય સરકારની આવક વધી છે.

સરળ કર માળખાને કારણે કોર્પોરેટ ટેક્સમાં ૫૮ ટકાની આવક થઈ છે. ૨/૩ કરદાતાઓએ નવી કર પ્રણાલીનો લાભ લીધો છે. તેમણે મહત્વની જાહેરાત કરતા કહ્યું કે, ઈન્કમ ટેકસ એકટ ૧૯૬૧ની આગામી ૬ મહિનામાં સમીક્ષા કરવામાં આવશે. વિદેશી કંપનીઓ માટે કોર્પોરેટ ટેકસ ઘટાડીને ૩૫ ટકા કરાયો. સ્ટાર્ટપને ઉત્તેજન આપવા માટે એન્જેલ ટેકસ સમાપ્ત કરવામાં આવ્યો. પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડીડકશન વધારીને રૂા.૭૫ હજાર કરવામાં આવ્યું છે.

નાણાપ્રધાને ઈન્કમટેક્સ અંગે કહ્યું કે, નવી ટેકસ પ્રણાલીમાં વ્યાપક ફેરફાર કરવાની જાહેરાત કરી હતી. તેમાં નવી કર વ્યવસ્થામાં રૂા.૩ લાખ સુધી કોઈ ટેકસ લાગશે નહીં. તેનાથી આવક વેરામાં રૂા.૧૭,૫૦૦નો ફાયદો થશે. નાણામંત્રીએ ખાસ ભારપૂર્વક એવી જાહેરાત કરી કે માત્ર નવી ટેકસ પ્રણામલીમાં જ ફેરફાર કરવામાં આવ્યો છે. જયારે જુની ટેકસ સીસ્ટમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે. નવી ટેકસ પ્રણાલીમાં રૂા.૩ લાખ સુધીની આવક કરમુકત કરવામાં આવી છે. જયારે ૩ થી ૭ લાખની આવક પર પાંચ ટકા, ૭ થી ૧૦ લાખની આવક પર ૧૦ ટકા અને ૧૦ થી ૧૨ લાખની આવક પર ૧૫ ટકા અને ૧૨ થી ૧૫ લાખની આવક પર ૨૦ ટકા ટેકસ લાગશે, ૧૫ લાખથી ઉપરની આવક પર ૩૦ ટકા ટેકસ લાગેશે. નાણામંત્રી સીતારમણે બજેટવાંચન જેવું પૂર્ણ કર્યુ કે, તુરંત જ શેરબજાર ધડામ થઈ ગયું હતું. શેરબજારની અપેક્ષાઓ આ બજેટથી પૂર્ણ થઈ નથી. તેવી પ્રાથમીક પ્રતિક્રિયા રૂપે શેરબજારના સેન્સેકસમાં ૧૦૦૦ થી વધુ પોઈન્ટનું ગાબડું પડી ગયું હતું જોકે દરેક સેકન્ડે પરિસ્થિતિ વોલેટાઈલ બની રહી છે. એક તબક્કે સેન્સેક્ષના ૧૩૦૦ પોઈન્ટનો અને નીફટીમાં ૪૦૦ પોઈન્ટનો ગાબડું પડયું. મેટલ સેકટરના શેરોમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો.

એકંદરે આ બજેટથી ખેડુતો, નાના ઉદ્યોગો, શેરબજારને નિરાશા પ્રાપ્ત થઈ હોવાનું ચિત્ર ઉપસ્યું હોવાનું ટીકાકારોએ જણાવ્યું હતું. નાણામંત્રીએ આ વખતે જેવી અપેક્ષા હતી તે પ્રમાણે ફુલગુલાબી બજેટ રજુ કર્યું નથી. તેવી પ્રતિક્રિયાઓ આવી રહી છે. વિપક્ષોએ આ બજેટને સરકારની નિષ્ફળતા ગણાવ્યું હતું. જયારે શાસક પક્ષે તેને અપેક્ષાથી પણ ઘણું સારૂ બજેટ ગણાવ્યું હતું.

### શું સસ્તું થયું ?

- કેન્સરની જીવનરક્ષક ૩ દવાઓ
- સોનુ-ચાંદી
- આયાતી મોબાઈલ ફોન-ચાર્જર
- લેધર જુતા, ચામડાની વસ્તુઓ
- ટેલિકોમ ઉપકરણો
- સોલાર પેનલ

### નવી ટેકસ પ્રણાલીમાં કરવામાં આવેલા ફેરફારો

| આવક (રૂા.) | નવા દર |
|---|---|
| ૦ થી ૩ લાખ | ૦ ટકા |
| ૩ થી ૭ લાખ | ૫ ટકા |
| ૭ થી ૧૦ લાખ | ૧૦ ટકા |
| ૧૦ થી ૧૨ લાખ | ૧૫ ટકા |
| ૧૨ થી ૧૫ લાખ | ૨૦ ટકા |
| ૧૫ લાખથી વધુ | ૩૦ ટકા |

### :: બજેટ હાઈલાઈટ્સ ::

- પહેલી નોકરી માટે ૧ લાખ રૂપિયાથી ઓછા પગાર હોવાથી, પહેલીવાર EPFO સાથે રજિસ્ટ્રેશન કરનાર લોકોને ત્રણ હપ્તામાં ૧૫,૦૦૦ રૂપિયાની સહાય મળશે.
- એજ્યુકેશન લોન- જે લોકોને સરકારી યોજનાઓ હેઠળ કોઈ લાભ નથી મળી રહ્યો, તેઓને દેશભરની સંસ્થાઓમાં પ્રવેશ માટે લોન મળશે. સરકાર લોનની રકમના ૩ ટકા સુધી આપશે. તે માટે ઈ-વાઉચર રજૂ કરવામાં આવશે, જે દર વર્ષે એક લાખ વિદ્યાર્થીઓને આપવામાં આવશે.
- ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને ગરીબોના વિકાસ માટે વિવિધ યોજનાઓ દ્વારા લાભની યોજનાઓ લાવવામાં આવશે.
- જમીન રજીસ્ટ્રીમાં ૬ કરોડ ખેડૂતોની માહિતી લાવવામાં આવશે.
- પાંચ રાજ્યોમાં નવા કિસાન ક્રેડિટ કાર્ડ જાહેર કરવામાં આવશે.
- બજેટમાં બિહાર-આંધ્રપ્રદેશ માટે નાણાનો વરસાદ : બિહાર હાઈ-વે માટે રૂા.૨૬,૦૦૦ કરોડની જાહેરાત, નવી પરિયોજનાની જાહેરાત
- આંધ્રપ્રદેશને વિશેષ આર્થિક પેકેજ અંતર્ગત રૂા.૧૫,૦૦૦ કરોડની જોગવાઈ.
- મુદ્રા લોનની સીમા વધારીને રૂા.૨૦ લાખ કરાઈ.
- પીએમ સૂર્યઘર મફત વિજળી ઘર યોજનાથી મફત વિજળી.
- પીએમ આવાસ યોજના અંતર્ગત ૩ કરોડ નવા ઘર બનાવવામાં આવશે.
- ૧૦૦૦ આઈ.ટી.આઈ.ને અપગ્રેડ કરવામાં આવશે.
- વિષ્ણુપદ મંદિર અને મહાબૌધી મંદિરને કાશી વિશ્વનાથ મંદિરની જેમ વિકાસ કરવામાં આવશે. નાલંદાને પર્યટન કેન્દ્રના સ્વરૂપમાં વિકસીત કરવા માટે કેન્દ્ર સરકાર સહાયતા કરશે.
- ઈ-શ્રમ પોર્ટલને અન્ય પોર્ટલ સાથે જોડવામાં આવશે.
- ૩૦ લાખ યુવાઓને પ્રથમ નોકરીમાં ૪ વર્ષ સુધી મદદ.
- કેન્સરની ૩ દવાઓ પર કસ્ટમ ડયુટી સમાપ્ત.
- મોબાઈલ ફોન અને ચાર્જર પર કસ્ટમ ડયુટીમાં ૧૫ ટકાનો ઘટાડો.
- ૨૫ આવશ્યક ખનીજ પર કસ્ટમ ડયુટી નહીં લાગે.
- સોના-ચાંદી પર કસ્ટમ ડયુટી ઘટાડીને ૬ ટકા કરાઈ.
- ઈ-કોમર્સ ઓપરેટરને ટીડીએસમાં ભારે છુટ.
- ઈન્કમટેક્ષ એકટ-૧૯૬૧ની આગામી ૬ મહિનામાં સમીક્ષા કરાશે.

## બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે : આજે પણ રેડ એલર્ટ

ગાંધીનગર તા.૨૩ :

બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર મધ્યપ્રદેશ થઈને ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. જેથી રાજ્યના કેટલાક વિસ્તારમાં ૨૬ જુલાઈ સુધી સતત ૪ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. બીજી તરફ જામજોધપુરના સોગઠી ડેમમાં ગાબડું પડ્યું છે. જેથી હેઠવાસનાં ગામોને એલર્ટ કરાયાં છે. જ્યારે આજે ત્રણ ઈંચ વરસાદમાં જ નખત્રાણામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. બજારોમાં નદીઓ વહેતી હોય તેવું જોવા મળ્યું છે. ધસમસતા પાણીના પ્રવાહથી જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. મખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે દ્વારકા-જામનગરના અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરશે. ગુજરાતમાં આજે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૮૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

## ટ્રાફિક પોલીસને ચાર રસ્તા પર ટ્રાફીક જામ અટકાવવામાં નહીં પૈસા વસુલવામાં રસ : હાઈકોર્ટનું આકરૂ વલણ

ગાંધીનગર તા.૨૩ :

અકસ્માત વળતરના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટમાં જજ સંદીપ ભટ્ટે આરટીઓ અને ટ્રાફિક પોલીસની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. કોર્ટે પૂછ્યું હતું કે, ટ્રાફિક અને નિયમોના ઉલ્લંઘનના જે પ્રશ્નો લોકોને દેખાય છે તે અધિકારીઓને કેમ દેખાતા નથી? બસ અને ડમ્પરની નીચે કેટલાય માણસો ચગદાઈને મરે છે. આ ડમ્પરો અને ટ્રાવેલ્સ બસ દિવસે કેવી રીતે ફરે છે? આ સ્પેશિયલ પરમિશન વળી શું હોય? આવું કશું હોય જ નહીં. ટ્રાફિક હેન્ડલ થઈ ના શકતો હોય તો સ્પેશિયલ પરમિશન કેમ આપવામાં આવે છે? ટ્રાફિક પોલીસને ચાર રસ્તે ટ્રાફિકજામ અટકાવમાં રસ નથી પૈસા વસૂલવામાં રસ છે. સરકારી વકીલે જણાવ્યું હતું કે, પોલીસ સતત પબ્લિક અવેરનેસ પ્રોગ્રામ કરતી રહેતી હતી. કોર્ટે કહ્યું હતું કે, ૫૦૦ રિક્ષામાંથી ૦૫ રિક્ષા પકડવાથી કાર્યવાહી કરી કહેવાય નહીં. માણસોની ઘટ હોય તો ભરતી કરો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરો.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કોઈક દિવસ ઈસ્કોન સર્કલ ઉપર જઈને જુઓ ટ્રાફિકના નિયમોનું પાલન થતું નથી! રિક્ષાવાળો પેસેન્જરને આગળ બેસાડે છે. કેપેસિટી કરતાં વધારે પેસેન્જર ભરીને ગાડીઓ ત્યાંથી ઊપડે છે અને બાજુમાં ઊભો રહેલો કોન્સ્ટેબલ જોઈ રહે છે!

## કમલા હેરીસને રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી માટે બહુમત મળ્યો

વોશિંગ્ટન તા.૨૩

રાષ્ટ્રપતિ જો બાઈડન ૨૦૨૪ની રાષ્ટ્રપતિની રેસમાંથી બહાર થયા બાદ કમલા હેરિસે પ્રથમ વખત લોકોને સંબોધન કર્યુ હતું.

અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી બાઈડન બહાર થયાના ૨૪ કલાકની અંદર જ કમલા હેરિસે ડેમોક્રેટિક પાર્ટી તરફથી નોમિનેશન માટે બહુમત મેળવી લીધો છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, કમલા હેરિસને રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી માટે અત્યાર સુધીમાં ૪ હજારમાંથી ૧૯૭૬ ડેલિગેટ્સનું સમર્થન મળી ગયું છે.

તા.૧-૭ ઓગસ્ટ સુધી, ડેમોક્રેટ્સ નોમિનેશન માટે મતદાનનો પ્રથમ રાઉન્ડ યોજશે.

અમરેલીમાં પ્રવેશ માટે ઉત્તમ તક
● A.N.M. ● G.N.M.
● B.Sc. ● M.Sc. (N)
● P.B.B. Sc. (N)
● SC, ST કેટેગરીના વિદ્યાર્થીઓને એજ્યુકેશન ફી અને યુનિવર્સીટી કોર્ષમાં હોસ્ટેલ સાથે સંપૂર્ણ ફ્રી....
● બહેનો તથા ભાઈઓ માટે અલગ-અલગ હોસ્ટેલ સુવિધા.
૧૦૦% ઉજ્જવળ કારકિર્દીની તક
સંપર્ક : ૯૮૭૫૨ ૨૨૬૫૮ / ૯૩૧૬૫ ૬૦૬૨૮

ડૉ. દિપેન જે. સુબા
(M.P.T., MIAP, D.Y.T., D(Ac), C.D.N., C.M.S. & ED), Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલનો અનુભવ મેળવી ક્લીનીકલ પ્રેક્ટીસમાં કાર્યરત
ll આદિત્ય ll ક્લીનીક
ચોમાસામાં થતા સાંધા, વા, કમર તેમજ સ્નાયુના દુઃખાવાથી પરેશાન ?
આપની સમસ્યાનું સમાધાન છે અમારી પાસે..
ઓર્થોપેડીક દુઃખાવા, સાંધાનાં વા + સ્નાયુ/માસપેશીના દર્દો, કમર/ગરદન, હાથ/પગ, ગોઠણ/ખંભા, રગ/નસ, મણકા/ગાદી માટે સચોટ સારવાર.
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફ્લોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જૂનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
જન કલ્યાણ ફાર્મ નર્સરી
પ્લાન્ટેશન તથા બગીચા બનાવવા તથા ગેરેન્ટેડ
કલમ, રોપા, ફળ-ફુલનાં રોપા ઈન દોર, આઉટ ડોર, આયુર્વેદિક રોપા, ચંદન, ડ્રાયફ્રુટ રોપા તથા શાકભાજીના રોપા મળશે
જૂનાગઢથી માત્ર ૫ કી.મી.નાં અંતરે
જૂનાગઢ - મેંદરડા રોડ, મુ. ઈવનગર, તા.જી. જૂનાગઢ

ડોકટરનાં લેબોરેટરીમાં પહેરી શકાય તેવા કોટ રૂા.૧૦૦/- માં...
દરેક સ્કુલ યુનિફોર્મના
પેન્ટ માત્ર રૂા.૧૦૦/-
શર્ટ માત્ર રૂા.૧૦૦/-
કોટી માત્ર રૂા.૧૦૦/-
સ્કુલ યુનિફોર્મના કુર્તા અને પેટીકોટ રૂા.૨૦/- માં પાણીના ભાવે મળશે.
તેમજ અન્ય કાપડમાં ૫૦% વળતર મળશે
બોમ્બે બજાર
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

# દ્વારકામાં ૮ ઈંચ સુધીના વરસાદ સાથે જળબંબાકારની સ્થિતિઃ તંત્ર દ્વારા રેસ્ક્યુ કાર્યવાહી






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

અરબી સમુદ્રમાં રચાયેલી અલગ અલગ સિસ્ટમના કારણે હવામાન વિભાગની આગાહી મુજબ છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાએ સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાને ઘમરોળ્યું છે. ત્યારે સોમવારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ મેઘતાંડવ જોવા મળ્યું હતું. કલ્યાણપુર તાલુકામાં ચાર કલાકમાં ૧૧ ઈંચ અને દ્વારકામાં સોમવારે ૭ સહિત આજે સવાર સુધીમાં કુલ ૮ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. આજે પણ વધુ વરસાદની સંભાવના સાથે સમગ્ર હાલાર પંથકમાં રેડ એલર્ટ અપાયું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ કલ્યાણપુર તાલુકામાં ૧૩ ઈંચ જેટલા વરસાદી કહેર બાદ દ્વારકા પંથકમાં પણ સાંજ સુધીમાં ૭ ઈંચ સુધીનો વરસાદ વરસી જવા પામ્યો છે. આ પછી આ વિસ્તારોમાં વરસાદી બ્રેક રહેતા ગત સાંજે આશરે છેક વાગ્યાથી આઠ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ખંભાળિયા તાલુકામાં કુલ સવા ઈંચ (૩૦ મી.મી.) વરસાદ વરસી જવા પામ્યો હતો. આ ઉપરાંત આજે સવારથી અવિરત રીતે ભારે ઝાપટા વરસવાનું ચાલુ રહેતા ગઈકાલના ૩૩ બાદ આજના ૧૭ મી.મી. સાથે કુલ બે ઈંચ જેટલો વરસાદ વરસી જવા પામ્યો છે. ખંભાળિયા તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૪૦ ઈંચથી વધુ થઈ ચૂક્યો છે. ખંભાળિયા શહેરને પાણી પૂરું પાડતા ઘી ડેમમાં વધુ બે દિવસમાં બે ફૂટ જેટલા નવા નીરની આવક થવા પામી છે. ડેમની સપાટી હાલ ૧૯ ફુટ ઉપર પહોંચી છે. ત્યારે સંભવતઃ આજે જ ઘી ડેમ ઓવરફ્લો થઈ જાય તેવી સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જિલ્લા પ્રશાસન દ્વારા પણ ડેમ વિસ્તારમાં રહેતા લોકોને સાવચેત કરવામાં આવ્યા છે.

**દ્વારકા તાલુકામાં ૪ દિવસમાં ૨૯ ઈંચ વરસાદઃ જિલ્લામાં લીલા દુષ્કાળની ભીતિ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં શુક્રવારે ૧૫ ઈંચ, શનિવારે ૭ ઈંચ, ગઈકાલે હાજરી પુરાવ્યા બાદ આજે મંગળવારે સવાર સુધીમાં વધુ ૮ ઈંચ જેટલો વરસાદ વરસી જતાં ચાર દિવસમાં જ વધુ ૨૯ ઈંચ વરસાદ સાથે મોસમનો કુલ વરસાદ ૪૨ ઈંચ જેટલો થયો છે. જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં અવિરત વરસાદથી લીલા દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

**નગરપાલીકા દ્વારા રેસ્ક્યુ - પાણી નિકાલની અવિરત કામગીરી**

દ્વારકા નગરપાલીકા દ્વારા ચાર દિવસથી પાણી નિકાલની કામગીરી સતત ચાલી રહી છે. આમ છતાં વરસાદી પાણીના પ્રવાહના લીધે ફરી પાણી ભરાઈ રહ્યા છે. પૌરાણિક કકલાશ કુંડ સહિતના કુંડો સંપૂર્ણ ભરાયેલી સ્થિતિમાં છે. શહેરના નિચાણવાળા વિસ્તારોમાં રેલવે સ્ટેશન, આવળપરા, જલારામ નગર, નરસંગ ટેકરી, ભદ્રકાલી ચોક વિગેરે સ્થળોએ પાણી ભરાતા સામાન્ય જનજીવન પર વ્યાપક અસર પડી છે. જેના કારણે જગતમંદિરે આવતાં ભાવિકોની પણ પાંખી હાજરી જોવા મળી હતી. તો ભદ્રકાલી ચોકમાં એક પરિવારના બાળકોને પાણીમાં ડૂબતા નગરપાલીકાના જવાનોએ બચાવ્યા હતા.

**દ્વારકાની ચાર બેંક્રોમાં વરસાદી પાણી ભરાતા વ્યવહાર ઠપ્પ**

ગઈકાલે સોમવારનો કામકાજનો દિવસ હોવા છતાં દ્વારકાની ચાર બેંક્રોમાં વરસાદી પાણીના ભરાવાને લીધે બેંક્રનો વ્યવ્હાર ઠપ્પ થઈ ગયો હતો. શહેરની બેંક્ર ઓફ બરોડા, સેન્ટ્રલ બેંક્ર ઓફ ઈન્ડીયા, એક્સિસ બેંક્ર, આઈસીઆઈસીઆઈ સહિતની બેંક્રોમાં વરસાદી પાણીના ભરાવાને લીધે વ્યવહારો બંધ રહયા હતા. પોસ્ટ ઓફીસમાં પણ વરસાદને કારણે કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી.

**દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૧૫ પૈકી ૮ ડેમો ઓવરફ્લો**

દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર જી.ટી.પંડયાએ ગતસાંજે તેમના વિડીયો સંદેશમાં જણાવ્યાનુસાર જિલ્લાના ૧૫ પૈકી ૯ ડેમો ઓવરફલો થયા છે. જ્યારે ૩ ડેમો ૭૦ ટકા જેટલા ભરાયા છે. આ સાથે લોકોને ડેમ વિસ્તારમાં કોઝ વે વિગેરે જગ્યા પરથી પસાર ન થવા અને સલામતી રાખવા અપીલ કરાઈ છે.


**ભીમગજા, મીઠીખારી ડેમ ઓવરફલો થતાં ગ્રામીણ વિસ્તારોમાં હાલત કફોડી**

દ્વારકા તાલુકાના રાજાશાહી વખતના તળાવો છલકાયા હતા અને ભીમગજા તથા મીઠીખારી ડેમ ઓવરફલો થયા છે. આ ડેમ નજીક આવેલા નાગેશ્વર, ગોપી, મુળવાસર, મૂળવેલ, ખતુંબા, ટુંપણી સહિતના ગામોમાં વરસાદી પાણીને લીધે હાલત કફોડી બની છે. પોસીત્રા ગામે દરિયા કિનારે આવેલ મીઠાના અગરમાં પાણી ભરાતા છેલ્લાં પાંચ દિવસથી આ ગામનો રસ્તો બંધ છે અને વૈકલ્પિક વ્યવસ્થા નહિં હોય ગ્રામજનોની હાલત કફોડી બની છે.

**ભાટીયા રાવલ મીઠાપુર - સુરજકરાડીમાં પણ વ્યાપક વર્ષા**

કલ્યાણપુર તાલુકાના ભાટીયા, રાવલ સહિતના શહેરી તથા ગ્રામીણ વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદથી વ્યાપક નુકસાની સાથે પૂર જેવી સ્થિતિ જોવા મળી છે તો ભોગાત નંદાણામાં પણ વ્યાપક વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. ઓખા મંડળના મીઠાપુર સુરજકરાડીમાં પણ ધોધમાર વરસાદને લીધે નીચાણવાળા અનેક વિસ્તારો પાણી પાણી થઈ ગયા હતા.

# ગાંધીધામની ગળપાદર જેલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું, નશાની હાલતમાં પાંચથી વધુ કેદીઓ ઝડપાયા



ગાંધીધામ, તા. ૨૩

કચ્છના ગાંધીધામમાં એક ખૂબ ચોંકાવનારી ઘટના બની હતી જેમાં ગળપાદર જેલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દારૂની મહેફિલ માણતા કુખ્યાત બૂટલેગર યુવરાજસિંહ જાડેજા સહિત ૬ લોકો ઝડપાયાં હોવાનું સામે આવ્યું છે. પોલીસ અધિકારીઓ દ્વારા મધરાતે જેલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધાર્યું હતું જેમાં દારૂની બોટલ અને મોબાઈલ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો જેને હાલ કબજે કરી લેવામાં આવ્યો છે. આ સિવાય ત્યાં બિનવારસી હાલતમાં રોકડા પચાસ હજાર રૂપિયા પણ મળી આવ્યા છે. જેલમાં આવી મહેફીલો થતી જોઈ પ્રશાસન પર ગંભીર સવાલો ઉભા થાય છે. આપને જણાવી દઈએ ગાંધીધામની ગળપાદર જેલમાં દારૂની મહેફિલ માણતા હોવાની ચોંકવનારી વિગતો સામે આવી છે.જેમાં ભચાઉના કુખ્યાત બૂટલેગર યુવરાજસિંહ જાડેજા સહિત ૬ લોકો જેલમાં દારુની મહેફિલ માણતા ઝડપાયાં છે. જણકારી અનુસાર પૂર્વ કચ્છ જિલ્લા પોલીસવડાની સૂચનાના પગલે ગાંધીધામ એ અને બી ડિવિઝન પોલીસે મધરાતે જેલમાં દરોડો પાડયો હતો. જેના કરને આ સમગ્ર સત્ય બહાર આવ્યું હતું. ગળપાદર જેલમાં કુખ્યાત અને રીઢા આરોપીઓ દ્વારા સજા ભોગવવાને બદલે જલસા કરવામાં આવતા હોવાની બાતમી મળતા બોર્ડર રેન્જના વડા ચિરાગ કોરડીયા એ કચ્છ પૂર્વ ના પોલીસ વડા સાગર બાગમાર સાથે મળી જેલમાં દરોડા નું આયોજન ઘડી કાઢ્યું હતું. એસપી સાગર બાગમારે કોઈને ગંધના આવે એ રીતે એલસીબી એસપી સહિતની એજન્સીઓના અધિકારીઓ કર્મચારીઓ, એ ડિવિઝન, બી ડિવિઝન અને આદિપુર પોલીસ સ્ટેશનના સમગ્ર સ્ટાફ અને અધિકારીઓને એક ખાનગી બસમાં લઈ ગળપાદર જેલ ખાતે પહોંચી ગયા. જેલ પર પહોંચતાજ ક્યાં કોને શુ કામ કરવાનું છે તે સમજાવી દેવાયું, એસપી સાગર બાગમારના નેતૃત્વ હેઠળનો સમગ્ર કાફલોના તાબડતોબ જેલના દરવાજા ખોલાવી અંદર ઘૂસ્યો, ફરજ પરના જેલર કે સિપાઈઓ કાઈ સમજે વિચારે તે પૂર્વજ ગળપાદર જેલની અલગ અલગ બેરેકો,ચોક્કસ બાતમી વાળી જગ્યા, કેમ્પસ અને જેલના ધાભા પરનો કબજો લઈ લીધો અને પછી શરૂ કરી દીધી ચેકીંગ અને દરોડાની કાર્યવાહી. આ સમગ્ર ઓપરેશન અંગે મળતી માહિતી મુજબ સિનિયર પોલીસ અધિકારીઓના નેતૃત્વ હેઠળ જેલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું જેમાં ૬ કેદી દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા, કેદીઓ પાસેથી ૪ મોબાઈલ, દારૂનો જથ્થો અને ૫૦ હજાર રૂપિયા રોકડ મળી આવ્યા છે.

દારૂના નશામાં મનોજ ઉર્ફે પકાડો કાનજીભાઈ માતંગ ગાંધીધામ, રોહિત ગોવિંદભાઈ ગરવા ગાંધીધામ, શિવભદ્રસિંહ સુખદેવસિંહ જાડેજા નવી મોટી ચીરઈ તા.ભચાઉ, ગોવિંદભાઈ હરજીભાઈ મહેશ્વરી ગાંધીધામ, યુવરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા મોટી ચીરઈ, તા.ગાંધીધામ, રોહિતસંગ ઉર્ફે સોનુ રામપ્રસાદસંગ ઠાકુર અયોધ્યાને ઝડપી લીધા હતાં. સાગર બાગમારે વધુમાં જણાવ્યું કે જુદી જુદી કલમો મુજબ ૮ જુદા જુદા ગુના એ ડિવિઝન પોલીસ મથકે દાખલ કરવામાં આવ્યા છે, જેલ પ્રશાસન ની શુ ભૂમિકા કે બેદરકારી રહેલ છે તે અંગે તપાસ કરવામાં આવશે અને આગળ ની કાર્યવાહી કરવામાં આવશે.

## ભારતીયો પર શું થશે અસર ?

# સાઉદી અરેબિયાએ જોબ સેક્ટરમાં કર્યો મોટો ફેરફાર!

**સાઉદી અરેબિયા પોતાના લોકોને દરેક ક્ષેત્રમાં નોકરીઓમાં વધુ તકો આપવા પર ભાર આપી રહ્યું છે**

સાઉદી અરેબિયા, તા.૨૩

સાઉદી અરેબિયાએ એક મોટો નિર્ણય લેતા તેના નાગરિકો માટે ખાનગી ક્ષેત્રની એન્જિનિયરિંગ નોકરીઓમાં અનામતની જાહેરાત કરી છે. કિંગડમે ખાનગી એન્જિનિયરિંગ નોકરીઓમાં તેના નાગરિકો માટે ૨૫ ટકા આરક્ષણ લાગુ કર્યું છે. તે રવિવારથી અમલમાં આવ્યો, જેનો હેતુ સાઉદી નાગરિકોને વધુ નોકરીની તકો પૂરી પાડવાનો છે.માનવ સંસાધન અને સામાજિક વિકાસ મંત્રાલયની આ યોજના હેઠળ એવું માનવામાં આવે છે કે એન્જિનિયરિંગ ક્ષેત્રમાં સાઉદી નાગરિકોની સંખ્યામાં વધારો થશે.સાઉદી અરેબિયાની સત્તાવાર પ્રેસ એજન્સી, સાઉદી પ્રેસ એજન્સીએ જણાવ્યું હતું કે મંત્રાલયે નગરપાલિકા, ગ્રામીણ બાબતો અને આવાસ મંત્રાલય સાથે મળીને એન્જિનિયરિંગ નોકરીઓમાં ૨૫ ટકા સ્થાનિકીકરણ ક્વોટા લાગુ કર્યો છે.સાઉદી પ્રેસ એજન્સીએ કહ્યું, ‘આ નીતિ સાઉદી પુરૂષો અને મહિલાઓને વધુ સારી નોકરીની તકો પૂરી પાડશે.’આ નવી પોલિસી ખાનગી ક્ષેત્રની દરેક કંપનીને અસર કરશે જેમાં પાંચ કે તેથી વધુ એન્જિનિયર કામ કરી રહ્યા છે. સાઉદી અધિકારીઓએ ચેતવણી પણ આપી છે કે જે કંપનીઓ નિયમોનું પાલન નહીં કરે તેમને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડશે.સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ તેમના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ‘વિઝન ૨૦૩૦’ હેઠળ સાઉદી અરેબિયાના દરેક ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન કરી રહ્યા છે. આ ક્રમમાં, સાઉદીકરણ પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે એટલે કે સાઉદી અરેબિયાના વિવિધ ક્ષેત્રોમાં નોકરીઓમાં સાઉદી નાગરિકોને પ્રાધાન્ય આપવું. વિઝન ૨૦૩૦ હેઠળ, કિંગ્ડન સાઉદીમાં બેરોજગારીને ૭% પર લાવવાનું લક્ષ્ય રાખે છે. આ અંતર્ગત સાઉદી અરેબિયા તેની આવકના સ્રોતમાં વિવિધતા લાવી ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવા માંગે છે.સાઉદી અરેબિયાના ખાનગી એન્જિનિયરિંગ સેક્ટરમાં રિઝર્વેશનની અસર ભારતીયો પર પણ પડશે કારણ કે દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીયો કામની શોધમાં સાઉદી અરેબિયા જાય છે. નોકરી માટે સાઉદી અરેબિયા જનારાઓમાં એન્જિનિયરો સહિત કુશળ અને અર્ધ કુશળ કામદારોનો સમાવેશ થાય છે.વર્ષ ૨૦૨૨માં સાઉદી અરેબિયાએ કહ્યું હતું કે નોકરી માટે રાજ્યમાં આવનારા ભારતીયોની સંખ્યામાં ૫ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૨૨માં ૧,૭૮,૬૩૦ ભારતીયો નોકરી માટે સાઉદી ગયા હતા. હવે સાઉદીએ તેના નાગરિકો માટે ખાનગી એન્જિનિયરિંગ નોકરીઓમાં આરક્ષણની વ્યવસ્થા કરી છે, જેનાથી આ ક્ષેત્રમાં ભારતીયોની તકો ઓછી થશે.

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ : શુસીલાબેન વિષ્ણુપ્રસાદ પાઠક(ઉ.વ.૮૧) તે ભરતભાઈ, દિપકભાઈ, મિલનભાઈ, કમલેશભાઈ, બિનાબેન સચીનકુમાર પાઠકના માતુશ્રીનું તા.૨૨ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૫ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ પ્રમુખ સ્વામી હોલ, બીએપીએસ સ્વામિનારાયણ અક્ષર મંદિર, ટીંબાવાડી રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# ખંભાળિયા પંથકમાં ભારે વરસાદને પગલે વીજ પુરવઠા પુનઃ સ્થાપનની કામગીરી પૂરજોશમાં

**૭૦થી વધુ પોલ ઊભા કરીને ૧૮ ગામોમાં વીજપુરવઠો પુનઃ સ્થાપિત કરાયો**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદને લીધે સંખ્યાબંધ વીજ પોલ પડી જવાથી તેમજ અન્ય કારણોને લીધે વીજ પુરવઠો પ્રભાવિત થયો છે. આ પરિસ્થિતિમાં નવા પોલ ઊભા કરીને તેમજ અન્ય કામગીરી દ્વારા વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવાની કામગીરી પીજીવીસીએલ તંત્ર દ્વારા પૂરજોશમાં ચાલી રહી છે. આ અંતર્ગત ખંભાળિયા તાલુકાના જુદા જુદા ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરવા માટે તૂટી ગયેલા થાંભલાઓને દૂર કરીને ૭૦ થી વધુ પોલ લગાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જેના કારણે ૧૮ જેટલા ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો છે. બાકી રહેતા કેટલાક ગામોમાં પણ આ કામગીરી પૂરજોશમાં હાથ ધરવામાં આવી રહી હોવાનું ખંભાળિયા પી.જી.વી. સી.એલ.ની વિભાગીય કચેરી દ્વારા જણાવાયું છે.

# ખંભાળિયા લાયન્સ ક્લબ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ ક્લબના ઉપક્રમે રવિવારે કેશોદ ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે કેશોદ ગામે આવેલા આવળ માતાજીના મંદિર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખંભાળિયા તથા આજુબાજુના સ્થળોને હરિયાળુ બનાવવાના હેતુથી આ પ્રોજેક્ટમાં લાયન્સ ક્લબના હોદેદારો, કાર્યકરો તથા કેશોદ ગ્રામ પંચાયતના સદસ્યો દ્વારા આવળ માતાજીના મંદિરના પટાંગણમાં ૧૦૦ થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ સાથે આ વૃક્ષોનું જતન અને પોષણની જવાબદારી કેશોદ ગ્રામ પંચાયત દ્વારા સ્વીકારવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે લાયન્સ ક્લબ ખંભાળિયાના પ્રમુખ ડો. સાગર ભુત દ્વારા કેશોદના અગ્રણી કશ્યપભાઈ ડેર તથા ગ્રામ પંચાયત સદસ્યો અને ગ્રામજનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



## દ્વારકાધીશ જગત મંદિર ઉપર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી ઓગસ્ટ માસ ૨૦૨૪નો ડ્રો દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારા સંપન્ન




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૩

દ્વારકાધીશ જગત મંદિર ઉપર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી ઓગસ્ટ માસ ૨૦૨૪નો ડ્રો ગઈકાલે દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા બ્રહ્મપુરી નંબર ૧ ખાતે દ્વારકા તીર્થ પંડા પુરોહિતો, અનેક ભક્તો,યજમાનો, જ્ઞાતિ હોદેદારો ની હાજરી વચ્ચે પારદર્શકતા પૂર્વક સાંજે સંપન્ન થયો.વરસાદને કારણે ૨૦ તારીખે થતો ડ્રો ગઈકાલ ૨૧ તારીખે કરવામાં આવ્યો જેની અગાઉથી જાણકારી આપવામાં આવી હતી.

## સ્વ.મનીષભાઈ રૂપારેલિયાની નવમી પુણ્યતિથી નિમીતે જૂનાગઢમાં ભગવતી ઓટો લિન્ક (ટાટા મોટર શો રૂમ) ખાતે રકતદાન કેમ્પ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

રાજકોટ મહાનગર વિશ્વ હિન્દુ પરિષદના શાંતુભાઈ રૂપારેલીયાના પુત્ર સ્વ.મનીષભાઈની નવમી પુણ્યતિથી નિમિતે જૂનાગઢના દોલતપરા ખાતે આવેલ ભગવતી ઓટો લિન્ક પ્રાઈવેટ લીમીટેડ(ટાટા મોટર શો રૂમ)ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. સ્વ.મનીષભાઈની નવમી પુણ્યતિથી નિમીતે શાંતુભાઈ રૂપારેલીયા પરિવાર, મિત્ર વર્તુળ તથા ભગવતી ઓટો લિન્ક પરિવાર દ્વારા ૬૦૦ યુનિટ રકત એકત્ર કરવામાં આવેલ હતું. રકતદાન કેમ્પમાં એકત્રિત કરાયેલું રકત થેલેસેમિયા ગ્રસ્ત દર્દીઓ માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ ગ્રીન ક્રોસ બ્લડ બેંક તથા રાજકોટ રેડ ક્રોસ બ્લડ બેંકને આપવામાં આવેલ હતું. આ રકતદાન કેમ્પમાં જૂનાગઢ શહેરનાં આગેવાનો અને અગ્રણીઓએ ઉપસ્થિત રહી શુચેચ્છા પાઠવી હતી.

## જટાશંકરની જગ્યામાં માં ગંગાનું અવતરણ થયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

ગિરનારના ગુપ્ત પ્રવેશ દ્વાર સમી જટાશંકરની જગ્યામાં માં ગંગાનું અવતરણ થયું. આજથી મહાદેવ ઉપર કુદરતી જલાભિષેક થતાં ભાવિકોમાં દર્શન માટે ઘસારો રહયો હતો.

## જૂનાગઢમાં પૈસાની ઉઘરાણી કરતા છરી મારી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૩

જૂનાગઢનાં નંદનવન રોડ પર રહેતા સમીર હનીફભાઈ બ્લોચે આરોપી દીલીપ માંજરીયા સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આરોપીએ પૈસા આપી દેવાનું કહેતા અત્યારે પૈસા ન હોય જેથી આરોપીએ ફરીયાદીને ઢીકાપાટુનો માર છરી માર્યાની બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

## જૂનાગઢના કસ્તુરબાગ સોસાયટી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૩ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરના દોલતપરા વિસ્તારમાં આવેલ કસ્તુરબાગ સોસાયટીમાં જાહેરમાં જુગાર રમતા ૩ને એ ડીવીઝન પોલીસે ઝડપી લીધા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસે કસ્તુરબાગ સોસાયટી વિસ્તારમાં જાહેર રોડ પર લાઈટના અજવાળે જુગાર રમતા મુકેશ ભનુભાઈ રાઠોડ, દીપક રમેશભાઈ પરમાર, સંજય મુકેશભાઈ પરમારને ૧૦૨૨૦ રોકડ સહિત ૩ મોબાઈલ મળી કુલ ૩૦૨૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ એ ડીવીઝન પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બી.એમ. વાઘમશીએ હાથ ધરી છે.

### ચાંદીપુરા વાયરસ અટકાયતી પગલાંના ભાગરૂપે

# જીલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જૂનાગઢ જીલ્લામાં ૨૪,૮૧૫ ઘરોનો સર્વે કરવામાં આવ્યો

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની ટીમ દ્વારા સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે. ચાંદીપુરા રોગ અન્વયે અટકાયતી પગલાંના ભાગરુપે જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૬૪ જેટલી આરોગ્ય ટીમ દ્વારા અંદાજે ૨૪,૮૧૫ ઘરોનો સર્વે કરવામાં આવ્યો છે. હજુ પણ આ સર્વેની પ્રક્રિયા શરુ છે. આ સર્વેની કામગીરી દરમ્યાન તમામ તાલુકાઓના ગામોને આવરી લેવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા મળેલી વિગતો પ્રમાણે, ચાંદીપુરા વાયરસથી સંક્રમિત એક પણ કેસ જૂનાગઢ જિલ્લામાં નોંધાયો નથી. જૂનાગઢ જિલ્લામાં ૨૬૪માં સમાવિષ્ટ ૫૨૮ આરોગ્ય કર્મચારીઓ અને ૧,૦૧૨ આશા વર્કર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેમાં તપાસ માટેની કામગીરી કરવામાં આવી રહી છે. સખત તાવ, ઝાડા-ઉલટી, સ્નાયુના દુઃખાવા વગેરે લક્ષણો ધરાવતા નાગરિકોની સઘન તપાસ આ ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

જૂનાગઢ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ વર્ષ સુધીની વય ધરાવતા ૧,૬૯,૩૦૩ જેટલા બાળકો છે. જૂનાગઢ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આજરોજ ૧૨,૩૦૦ બાળકોની તપાસ કરવામાં આવી છે. ચાંદીપુરા વાયરસ અંતર્ગત આરોગ્ય શાખા દ્વારા આજ દિવસ સુધીમાં ૪૮,૨૧૬ બાળકોની તપાસ પૂર્ણ કરવામાં આવી છે, જેમાં શંકાસ્પદ એકપણ કેસ મળ્યો નથી. આરોગ્ય શાખા દ્વારા ઘરે-ઘરે જઈ, ચાંદીપુરા વાયરસ અંગેની વિગતો, નિયંત્રણ અને અટકાયતના પગલાં વિશેનું માર્ગદર્શન આપવામાં આવે છે. ચાંદીપુરા વાયરસના કોઈપણ લક્ષણો જણાય તો તુરંત જ નજીકના સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. કાચા ઘરો કે જે માટીના લીંપણ વાળા ઘરો છે ત્યાં

આગામી દિવસોમાં મેલેથીયોન ડસ્ટિંગ કરવાનું આયોજન જિલ્લા પંચાયત આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લાના ખાનગી કે સરકારી હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસનો હાલ કોઈપણ શંકાસ્પદ કેસ જણાય તો આરોગ્ય અધિકારી શ્રી મારફતે જિલ્લા કક્ષાએ જાણ કરવામાં આવશે, તેવી સૂચના આપવામાં આવી છે. જૂનાગઢ જી.એમ.ઈ.આર.એસ.હોસ્પિટલ ખાતે ચાંદીપુરા વાયરસ માટે અલગથી વોર્ડની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા અંદાજે ૧,૧૦૦ નાગરિકોને સલામત સ્થળે પહોચાડવામાં આવ્યા : જૂનાગઢ જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા

**જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પીજીવીસીએલ અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમને પણ અવેજીમાં રાખવામાં આવી છે : જીલ્લાના ૧૪ જેટલા ડેમ ઓવરફ્લો : ૮૬ ગામડાઓને એલર્ટ રહેવા અને નાગરિકોને સલામત સ્થળે રહેવા અપીલ**

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ શહેરમાં અને વિવિધ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. માણાવદર, વંથલી, કેશોદ, માંગરોળ વિસ્તારમાં વરસાદની અસર વધારે જોવા મળી છે. જૂનાગઢ જિલ્લામાં અવિરત વરસાદને કારણે તેમજ ઉપર વાસમાંથી ખૂબ જ પ્રમાણમાં પાણીની આવક થતા ઘેડ પંથકમાં કેશોદ, માણાવદર, માંગરોળ તાલુકાના અંદાજે ૪૮ જેટલા ગામડાંઓ સંપર્ક વિહોણા છે, જેમાં માણાવદરમાં સૌથી વધુ ૨૨ જેટલા ગામ તેમજ માંગરોળમાં ૧૫ ગામ સંપર્ક વિહોણા છે. જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું કે, જૂનાગઢ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપનની ટીમ કાર્યરત છે. ઘેડ પંથકના ગામડાંઓમાં અસરગ્રસ્ત નાગરિકોનો, સરપંચો અને તલાટી કમ મંત્રીઓની મદદથી શક્ય તેટલો ઝડપી સંપર્ક કરવામાં આવી રહ્યો છે. આ વિસ્તારોમાં ફૂડ પેકેટ, પાણી જેવી પ્રાથમિક જરુરિયાતો પણ પૂરી પાડવામાં આવશે. જિલ્લામાં ૧૯ જેટલા ડેમમાંથી ૧૪ જેટલા ડેમ ઓવરફ્લો છે, જેના કારણે ૮૬ જેટલા ગામડાંઓને એલર્ટ કરવામાં આવ્યા છે. નાગરિકોને સલામત સ્થળે રહેવા અપીલ કરવામાં આવી છે. વધુમાં છેલ્લા ચાર દિવસમાં જૂનાગઢમાં પડેલા વરસાદને કારણે કોઈ જાનહાનિ થઈ નથી, માંગરોળ તાલુકામાં પાણીના વધુ પ્રવાહને કારણે બે લોકો ફસાયા હતા, તેમને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ની ટીમ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. હજુ આગામી બે દિવસ જૂનાગઢ જિલ્લામાં રેડ એલર્ટ હોવાથી જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પીજીવીસીએલ અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમને અવેજીમાં રાખવામાં આવી છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર, જોષીપુરા, જૂનાગઢ ખાતે ગુરૂ પૂર્ણિમા દિનની ઉજવણી



જૂનાગઢ, તા.૨૩

અખિલ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓમાં ગુરૂઓનું વિશેષ સ્થાન રહ્યું છે. આપણાં વેદો, ઉપનિષદો, ધર્મગ્રંથો અને શાસ્ત્રોમાં પણ ગુરૂની મહિમાનો સવિશેષ ઉલ્લેખ જોવા મળે છે. વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે સાથે મૂલ્યનિષ્ઠ કેળવણીના સંસ્કારોનું સિંચન થાય અને પોતાના શિક્ષકો અને આદ્યાત્મિક ગુરૂઓ પ્રત્યે અપ્રતિમ માન-સન્માનની લાગણી જન્મે તેવા શુભાશયથી સમગ્ર ભારત વર્ષમાં ગુરુ પૂર્ણિમા દિનની દિવ્ય ઉજવણી કરવામાં આવે છે.

ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે માતૃશ્રી એમ. જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જુનાગઢ ખાતે તા.૨૨-૦૭-૨૦૨૪ ને સોમવારના રોજ યોજાયેલ વિશેષ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ દ્વારા ગુરૂજનોનું કુમકુમ તિલકથી પૂજન કરવામાં આવ્યું હતું. આ તકે વિદ્યાર્થિનીઓએ ગુરુપૂર્ણિમાના મહાત્મય અને ગુરુ મહિમા વિષે પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતાં, તો શાળાના વિદ્યાગુરુશ્રીઓ શ્રી જમનભાઈ બાળધા અને સુશ્રી નયનાબેન મોરીએ આશીર્વચન આપ્યા હતાં. શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાના સુપરવાઈઝરશ્રીઓ સુશ્રી પ્રભાબેન બુટાણી અને સુશ્રી અલ્પાબેન ડાંગર દ્વારા કરવામાં આવ્યું હતું. શાળામાં ગુરુ પૂર્ણિમા દિનના આયોજન બદલ સંસ્થાના ચેરમેનશ્રી જે.કે.ઠેસિયા સાહેબ, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટરશ્રી સી.પી.રાણપરિયા સાહેબ સહિત ટ્રસ્ટીશ્રીઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

## સંસ્કાર ભારતી અને સપ્તક સંગીત વિદ્યાલય દ્વારા ગુરૂ વંદના કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ ખાતે અખિલ ભારતીય કલા અને સાહિત્ય સંસ્થા સંસ્કાર ભારતી જૂનાગઢ અને સપ્તક સંગીત વિદ્યાલય દ્વારા ગુરૂ પૂર્ણિમાના પાવન પર્વે સર્વે કલાના આદિગુરૂ સદાશિવ ભગવાન નટરાજનું પૂજન ભાવ સભર કલા સાધો દ્વારા કરવામાં આવ્યું. આ તકે સંસ્કાર ભારતીની પ્રણાલિકા અનુસાર વરીષ્ઠ સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વની ભાવભેર ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)



સાળંગપુર તા.૨૩

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ગુરુપૂર્ણિમા એવં વ્યાસપૂર્ણિમા નિમિત્તોપર્વની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. તા.૨૧-૭-૨૦૨૪ને રવિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દાદાને સુવર્ણ અને હીરાજડિત વાઘા પહેરાવામાં આવ્યા છે. આ સાથે જ દાદાના સિંહાસને ગુલાબ અને ગલગોટાના ફુલનો પણ શણગાર કરાયો છે. આજે દાદાનું વિશેષ પૂજન કરાયું હતું. તેમજ સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. દાદાને કરાયેલાં શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે દાદાને ૧૦૦ કિલો ગુલાબ અને ગલગોટાના ફુલનો શણગાર કરાયો છે. આ સાથે જ દાદાને ૮ કિલો સોનામાંથી બનેલાં હીરાજડિત વાઘા પણ પહેરાવ્યા છે. દાદાના સિંહાસને શણગાર કરવા માટે ગુલાબ અને ગલગોટાના ફુલ વડોદરાથી મંગાવવામાં આવ્યા છે. આ શણગાર કરતા ૬ સંતો, પાર્ષદ અને હરિભક્તોને ચાર કલાકનો સમય લાગ્યો હતો. ગુરૂ પૂર્ણિમાના દિવસે શ્રીકષ્ટભંજન દેવ હનુમનાજી દાદાને ૮ કિલો સોનામાંથી બનેલાં વાઘા પહેરાવાયા છે. આ વાઘાની કિંમત ૯ કરોડ રૂપિયા કરતા પણ વધારે છે. વર્ષ ૨૦૧૯માં આ વાઘા બનાવવા માટે ૨૨ ડિઝાઈનર્સની ટીમ મંદિરના સંતો દ્વારા અપોઈન્ટ કરવામાં આવી હતી. આ વાઘાનું મુખ્ય કામ અંજારના હિતેષભાઈ સોનીએ કર્યું છે અને કેટલુંક કામ રાજકોટ અને જયપુરમાં પણ કરાવવામાં આવ્યું હતું. આ વાઘા બનાવવા માટે ડિઝાઈનર્સ સહિત ૧૦૦ જેટલા સોનીઓની મદદ લેવાઈ હતી. આ લોકોએ ૧૦૫૦ કલાકની મહેનત બાદ દાદાના આ વાઘા તૈયાર કર્યા હતા. આ વાઘાને સંપૂર્ણ તૈયાર થવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો. ગુરૂપૂર્ણિમાંના પવિત્ર દિનેસવારે ૬:૩૦ થી ૭:૦૦ કલાક દરમ્યાન સદ્‌ગુરૂશ્રી ગોપાળાનંદ સ્વામીનું ભાવપૂજન-અર્ચન કરી સદ્‌ગુશ્રી ગોપાળાનંદ સ્વામીની આરતી પ.પૂ. નારાયણમુની સ્વામી-અથાણાવાળાકરવામાં આવ્યુ હતું.તેમજ ગુરુ પૂર્ણિમા પર્વની હાર્દિક શુભકામના પાઠવી હતી. મંદિરમાં સાંજે ૦૫:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યુ હતું. ફૂલોનો શણગાર સાથોસાથ ફળ, પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવ્યા હતા, પુષ્પવર્ષા કરવામાં આવેલ, સાંજે ૭:૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવની સંધ્યા આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી. શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજ એવં સંતોના આ અનેરા દર્શનનો લાભહજારો ભક્તોએ ઓનલાઈન તથા પ્રત્યક્ષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# ગુજરાતમાં તમામ ધંધાર્થીઓ માટે એક સરખો વ્યવસાય વેરો રાખી કરેલ વધારો પરત ખેંચવા ટિમ ગબ્બરની માંગ

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૨૩

વિસાવદરતાટીમ ગબ્બર ગુજરાતના કે એચ ગજેરા એડવોકેટ અને વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોષી મારફત મુખ્ય મંત્રી,ગૃહ મંત્રી, ઉદ્યોગ મંત્રી,સામાન્ય વહીવટ વિભાગ, અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ ગાંધીનગર કલેકટર,સુરત મ્યુનિસિપલ કમિશનર, ડે કમિશનર વિગેરેને લેખિત રજુઆત કરી જણાવેલ છે કે,હાલમાં સુરત સહિત તમામ રાજ્યનીમહાનગર પાલિકા તથા નગર પાલિકા માં ૧ નવેમ્બર ૨૩ પહેલા વ્યવસાય વેરાના પ્રકાર મુજબ ૫૦૦/-, ૧૨૫૦ /-, ૨૪૦૦,લેવામાં આવતા હતા અને ત્યારબાદ નવા વ્યવસાય વેરા પેટે દરેકને ૨૫૦૦/- રુપિયા ભરવા માટે મહાનગરપાલિકા તથા નગરપાલિકાઓ દ્વારા તમામ ધંધાર્થીને બિલ મોકલવામાં આવ્યા છે અને અમુક પ્રકારના ધંધા માટે ૫૦૦/- રૂપિયા ભરવાના થતા હતા અને અમુક ધંધાર્થીને ૧૨૫૦/- રૂપિયા ભરવાના થતા હતા અને અમુક ધંધાર્થીને ૨૪૦૦/- રૂપિયા ભરવાના થતા હતા જ્યારે ૧ નવે.૨૩ પછી તાત્કાલિક આ રકમમાં ડબલ રકમનો વધારો કરવામાં આવ્યો છે તે અસહ્ય છે અને હાલમાં તમામ ધંધામાં મંદી ચાલી રહી છે અને મોંઘવારી પણ વધી છે ત્યારે નાના દુકાનદારોને પોતાના ધંધા રોજગાર બંધ કરવાના વારા આવ્યા છે અને નાના વેપારીઓ જેવા કટલેરીવાળા,નાના પાનના ગલ્લા વાળા, વિગેરેને વ્યવસાય વેરામાં ઘટાડો કરવા તથા અન્ય તમામ વ્યસાય કરતા લોકોનો વ્યવસાય વેરો એક સરખો રાખવા અને કરવામાં આવેલ વ્યવસાય વેરાની રકમમાં યોગ્ય ઘટાડો કરવો જરૂરી છે અને આટલા બધા વધારાથી નાના અને મધ્યમ વર્ગના ધંધાર્થીને પણ મુશ્કેલી પડે છે ત્યારે હાલની સંવેદન શીલ સરકાર દ્વારા નાના મોટા ધંધો કરતા વેપારીઓને મુશ્કેલ સમયમાં વ્યવસાય વેરામાં યોગ્ય રાહત આપવામાં આવે તેવી ટીમ ગબ્બર ગુજરાતની રજુવાત છે જે રજુવાત યોગ્ય અધિકારી, યોગ્ય વિભાગને અમારી રજુવાત મોકલી આપી રજુવાત અન્વયે કરેલી કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે ટીમ ગબ્બરના સરનામે મોકલી આપવા રજુઆત કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# દેલવાડા ગામે જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સો ઝડપાયા



ઉના તા. ૨૩ : ઉના તાલુકાના દેલવાડા ગામે આવેલ શ્યામનગરમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતાં ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ રાણાની સૂચનાથી પી.એસ.આઈ. આર.પી.જાદવ, એ.એસ.આઈ. જોરૂભા મકવાણા, પો. હેડ કોન્સ્ટેબલ નાનજીભાઈ ચરણીયા અને સર્વેલન્સ સ્ક્વોડના સ્ટાફ સાથે શ્યામનગરમાં પહોંચી રેડ કરતા જાહેરમાં ગોળ કુંડાળું કરી રૂપિયાની હાર-જીતનો જુગાર રમતા જયેશ હરિભાઈ બાંભણિયા, અજય માધુભાઈ જાદવ, જયેશ રવજી સોલંકી, સુનીલ હરિ બાંભણિયા, પિયુષ છગનભાઈ બાંભણિયા, અજય કમલેશ મજેઠીયા, સોમનાથ રઘુનાથ રે. તમામ શ્યામનગર, દેલવાડા, તા. ઊનાવાળાને પટ્ટમાં રહેલ રૂા.૧૧,૨૦૦/રોકડા અને જુગારનાં સાહિત્ય સાથે પકડી ઊના પોલીસ સ્ટેશનમાં લાવી ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ રૂપાયત ખાતે મહા મહિમાવંત ગિરનાર પુસ્તકનું વિમોચન કરાયું



જૂનાગઢ, તા.૨૩

રૂપાયત જૂનાગઢ ખાતે પૂર્વ અધ્યક્ષ ગુજરાત સાહિત્ય અકાદમી પદ્મશ્રી ડો.વિષ્ણુ પંડ્યા, ભકત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ ડો.ચેતન ત્રિવેદી, રૂપાયતનનાં મેનેજિંગ ટ્રસ્ટી માનનીય હેમંતભાઈ નાણાવટી , ઈતિહાસવિદ ડો.પ્રદ્યુમ્ન ખાચર, ડો.પ્રતાપસિંહ ડાભી, સુપ્રસિદ્ધ ઉર્દૂ હિન્દી ગુજરાતી કવિ ડો.સતિન દેસાઈ પરવેઝ તથા અન્ય અનેક મહાનુભાવોની ઉપથતિમાં દિલીપભાઈ ધોળકીયા 'શ્યામ' દ્વારા સંપાદિત ૧૧૧ કવિઓની ૧૫૧ જેટલી માત્ર 'ગિરનાર' ઉપરની કવિતાઓના સંચય 'મહા મહિમાવંત ગિરનાર'નું વિમોચનને લોકાર્પણ થયું. વરસતાં વરસાદમાં રૂપાયતનના નરવાને ગરવા આંગણે અનેક સર્જકને કવિઓની ઉપસ્થિતિએ સમગ્ર અવસર રૂડોને અદકેરો દીપી ઉઠ્યો હતો.

## ઉના એસ.ટી. ડેપોની મહિલા કન્ડકટર રાજ્ય કક્ષાની એથલેટિક સ્પર્ધામાં વિજેતા બની

(પ્રતિનિધિ દ્વારા)



ઊના તા.૨૩

તાજેતરમાં નડિયાદ મુકામે રાજ્ય કક્ષાની **GSRTC**ની **ASRTU** એથલેટિક ૨૦૨૪ની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિભાગીય નિયામક કચેરી અમરેલી દવારા ઊના એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા મહિલા કન્ડકટર કાજલબેન જેશીંગભાઈ રાઠોડએ ઊનાના ડેપો મેનેજર એલ.ડી. રાઠોડના માર્ગ દર્શન હેઠળ રાજ્ય કક્ષાની દોડ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ૧૦૦ મીટર દોડમાં વિજેતા બની હતી અને આગમી સપ્ટેમ્બર ૨૦૨૪માં વિશાખાપટનમ મુકામે ઓલ ઈન્ડિયા પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ સ્પોર્ટ્સ મીટ એથલેટિક્સ સ્પર્ધા ૨૦૨૪માં પસંદગી પામતા ભાગ લેવા જતા કાજલબેનને ઊનાના ડેપો મેનેજર રાઠોડ અને સ્ટાફે અભિનદન સાથે શુભ કામનાઓ આપી હતી. ઊના એસ.ટી. ડેપોનું ગૌરવ વધાર્યુંછે.

# પૂજ્ય મોરારીબાપુએ ગુરૂ પૂર્ણિમા નિમિત્તે ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા અંગેની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ અને બે પુસ્તકોનું અનાવરણ કર્યુ



તલગાજરડા, તા. ૨૩

જાણીતા આધ્યાત્મિક ગુરુ અને કથાકાર પૂજ્ય મોરારી બાપુએ ૨૧મી જુલાઈ,૨૦૨૪ના રોજ ગુરુ પૂર્ણિમાના શુભ પ્રસંગે બે નવા પુસ્તકો અને એક ડોક્યુમેન્ટરી ફિલ્મનું વિમોચન કર્યું છે. આધ્યાત્મિક રજૂઆત તથા વ્યક્તિગત અનુભવોથી ભરપૂર આ લોંચ દર્શકોને આકર્ષવા તથા વ્યાપક પ્રેરણા પ્રદાન કરવાની ખાતરી આપે છે. પૂજ્ય મોરારી બાપુએ ફિલ્મ અને પુસ્તકોના વિમોચન પ્રસંગે અત્યંત ખુશી વ્યક્ત કરી હતી અને શુભ 'યોગ' તરફ સંકેત આપ્યા હતા. ૨૧મી જુલાઈ ૨૦૨૪ના રોજ તેમની લોંચની તારીખ ૨૧મી જુલાઈ ૨૦૨૩ સાથે મેળ ખાય છે કે જ્યારે તીર્થયાત્રીઓ જાણીતા ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા શરૂ કરવા માટે કેદારનાથ પહોંચ્યા હતા. ડોક્યુમેન્ટરી ફિલ્મઃ પૂજ્ય મોરારી બાપુની ટ્રેન દ્વારા ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા આધ્યાત્મિક ગુરુ અને જાણીતા કથાકાર પૂજ્ય મોરારી બાપુની ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા અંગેની એક કલાકની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૩માં તેમના તથા તેમના ૧૦૦૮ અનુયાયીઓ દ્વારા શરૂ કરવામાં આવેલ તીર્થયાત્રાની સુંદરતાને આવરવામાં આવેલ છે. અનેક મહિના સુધી તૈયાર કરવામાં આવેલી આ ફિલ્મને એક સમર્પિત ટીમ દ્વારા શૂટ કરવામાં આવેલ છે, જેમણે બે ટ્રેન પૈકી એકમાં યાત્રા કરી. તેમાં ભક્તો તથા પૂજ્ય મોરારી બાપુના વિચારો સહિત યાત્રાને લગતા તમામ મુખ્ય આકર્ષણોને જીવંત સ્વરૂપમાં દેખાડવામાં આવેલ છે. આ ખાસ આધ્યાત્મિક અભિયાનમાં ભગવાન શિવને સમર્પિત સૌથી પવિત્ર તીર્થસ્થળઓ, ૧૨ જ્યોર્તિલિંગના પવિત્ર માર્ગોનો સમાવેશ કરવામાં આવેલ છે. ૧૮ દિવસની આ યાત્રા ૧૨,૦૦૦ કિમીના અંતર સાથે બરફથી આચ્છાદિત હિમાલયની ઊંચાઈઓથી લઈ ખૂબ સુંદર ઘાટીઓ તથા વિશાળ સમુદ્ર કિનારા સુધી ફેલાયેલી હતી. પૂજ્ય મોરારીબાપુ અને તેમના ભક્તોએ ગુજરાત સ્થિત ભાવનગર જિલ્લાના મહુવા ખાતે આવેલ તેમના પૈતૃક ગામ તલગાજરડા સ્થિત ચિત્રકુટધામ ખાતે આ ડોક્યુમેન્ટરીનું પ્રીમિયર જોયું હતું.

## લોધિકા તાલુકાના હરીપર પાળ સ્મશાન ખાતે 'એક પેડ મા કે નામ' કાર્યક્રમ અંતર્ગત જીલ્લા ભાજપમંત્રી મનોજ રાઠોડ દ્વારા વૃક્ષારોપણ કરાયું

(પંકજ ઝીબા દ્વારા)



રાજકોટ, તા.૨૩

લોધિકા તાલુકાના હરીપર પાળ સ્મશાન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પે 'એક પેડ મા કે નામ' કાર્યક્રમ અંતર્ગત જીલ્લા ભાજપમંત્રી મનોજ રાઠોડ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મંત્રી અને આ કાર્યક્રમના જીલ્લાના ઈન્ચાર્જ મનોજ રાઠોડની ખાસ ઉપસ્થિતિમાં તથા જીલ્લા ફોરેસ્ટ અધિકારી કોટડીયા, તાલુકા ફોરેસ્ટ અધિકારી હંસાબેન મોકરીયા, મુનાભાઈ વીરડા, ઉપસરપંચ ભીખુભાઈ ડાંગર, તાલુકા યુવા ભાજપના અનીલભાઈ રાઠોડ, ગ્રામપંચાયતના સભ્ય લાખાભાઈ રાઠોડ, જીકાભાઈ, માંડણભાઈ લોખીલ, હકાભાઈ, સુખાભાઈ, શાળાના આચાર્ય વિમલભાઈ, તલાટીમંત્રી એકતાબેન, આંગણવાડીના પન્નાબેન, જોશનાબેન, યુવા આગેવાન વિનુભાઈ, ઉમેશભાઈ રાઠોડ, નીતિનભાઈ રાઠોડ, બ્રિજરાજસિંહ જાડેજા સહીતના બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વધુ એક ઓપરેશન 'સર્પવિનાશ'ની જરૂર

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરોધી અને ઘૂસણખોરી વિરોધી અભિયાનોના હાલના ઈતિહાસથી ખબર પડે છે કે પાકિસ્તાનમાં રાજકીય ઉથલપાથલ છતાં આતંકવાદી નેટવર્ક ફેલાઈ રહ્યું છે. આ નેટવર્ક ત્યારે સતત પીરપંજાલના દિક્ષણમાં 'આસાન સ્થળો'ની શોધ કરે છે, જ્યારે ઉત્તર કાશ્મીરમાં તેમના અભિયાન પર દબાણ અનુભવાતું લાગે. એટલે કે ઉત્તરમાં દબાણ વધે તો આતંકીઓનું નેટવર્ક દિક્ષણમાં જમીન શોધવા લાગે છે. ડોડા ક્ષેત્રમાં આતંકી અથડામણોની હાલની ઘટનાઓ ૨૦૦૩ની યાદ દેવડાવે છે, જ્યારે જનરલ એનસી વિજ સેના પ્રમુખ હતા અને લે.જનરલ રુસ્તમ નાણાવટીના નેતૃત્વમાં ઉત્તર કમાનના પુંછ ક્ષેત્રના સુરનકોટ શહેરની આસપાસ હિલકાકાના આતંકવાદ પ્રભાવિત પહાડી વિસ્તારોને ખાલી કરવા માટે ઓપરેશન 'સર્પ વિનાશ' શરૂ કરવામાં આવ્યું હતું.

પીરપંજાલના દિક્ષણી અને દિક્ષણ-પૂર્વ ઢાળ પર ગાઢ જંગલોથી ઘેરાયેલ વિસ્તાર. પશ્ચિમમાં રિજલાઈન. દિક્ષણમાં સુરન નદીથી ઘેરાયેલો વિસ્તાર. આ વિસ્તાર અસંખ્ય ચોટીઓ અને નાળાંથી ઉબડખાબડ છે. ગરમીમાં તે આસપાસના ગામડાં અને તેનાથી આગળવા વિસ્તારોના બકરવાલો અને ગુજ્જરોની પ્રવાસી આબાદીનું ઘર બની જાયછે, જેઓ આ ક્ષેત્રમાં પોતાનાં પશુઓ ચરાવવા આવે છે. શિયાળામાં આ વિસ્તાર સ્થાનિક લોકોથી સંપૂર્ણ ખાલી રહેતો હતો. આ વિસ્તાર જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી સમૂહો માટે એક આશ્રય સ્થળ બની ગયો હતો. લશ્કર, જૈશ અને અલ-બદ્રના આતંકીઓ આ વિસ્તારમાં ખુદને એટલા બેખોફ અનુભવતા હતા કે સ્થાનિક લોકો સાથે તેઓ ક્રિકેટ પણ રમી લેતા! લગભગ ૩ વર્ષ સુધી, સુરનકોટ ક્ષેત્ર પીરપંજાલના દિક્ષણમાં આતંકવાદીઓ માટે એક આશ્રય સ્થળ બની રહ્યું. ત્યારે જ રાષ્ટ્રીય રાઈફલ્સની રોમિયો ટીમે ૨૦૦૩ની શરૂઆતમાં સુરનકોટના ઉત્તરમાં હિલકાકા ક્ષેત્રને 'સાફ, સુરિક્ષત અને નિયંત્રિત' કરવા માટે અંતિમ પ્રયાસ આદર્યો. ઓક્ટોબર ૨૦૦૨માં ઓપરેશન પરાક્રમની સમાપ્તિ પર, નાણાવટીએ નિર્ણય કર્યો કે સુનરકોટ અને હિલકાકાને સુરિક્ષત કરવા માટે એક ઓપરેશન જરૂરી છે. તેને ૨૦૦૨-૦૩ના શિયાળા બાદ જ કરી શકાય તેમ હતું. એક સંદર્ભ એ હતો કે ગરમીમાં એ વિસ્તારમાં પોતાનાં પશુઓ સાથે આખી સિઝન માટે પ્રવાસ કરનારા નાગરિકોને રોકવાના હતા. તત્કાલીન મુખ્યમંત્રીએ આ પ્રસ્તાવને ગાંડપણ ગણાવ્યું, પરંતુ તેમણે સામે એ ઓફર મૂકી કે જ્યાં સુધી સહમતિ નહીં હોય, ત્યાં સુધી કોઈ ઓપરેશન નહીં થાય.

ઓપરેશન સર્પ વિનાશનું કામ ૧૬મી કોરને સોંપવામાં આવ્યું, જેમણે તેને મેજરલ જનરલ એચ.એસ. લિદ્દરની કમાન અંતર્ગત કાઉન્ટર ઈનસર્જન્સી ફોર્સ (રોમિયો)ને સોંપી દીધું. લિદ્દરે શ્રીલંકામાં ઓપરેશન પવનમાં સીઓ ૯ પેરા (સીડીઓ) રૂપે કામ કર્યું હતું. તે ઉપરાંત તે રાજોરી-મેંઢર-પુંછ સેક્ટરમાં વિસ્તારો અને આતંકવાદી ગતિવિધિ વિશે સારી રીતે જાણતા હતા. ઓપરેશનના શરૂઆતી બ્રીફિંગમાં એ નાણાવટી માટે સ્પષ્ટ થઈ ગયું કે આ કામ સામાન્ય રૂપે આરઆર એકમો અને વિશેષ રૂપે આરઆર સેક્ટરની

ક્ષમતાઓથી પર હતું, કારણ કે તેનું હાલનું પરિચાલન પ્રતિબદ્ધતાઓ અને કામની પ્રકૃતિ બંને અલગ હતી. તેથી, નાણાવટીએ નિર્દેશ આપ્યા કે ૧૬ કોરની ૧૬૩ ઈન્ફન્ટ્રી બ્રિગેડને ક્ષેત્રને 'સાફ અને સુરિક્ષત' કરવા માટે સીઆઈએફ(આર)ને ફાળવવામાં આવે. તારીખ નક્કી કરવામાં આવી ૧ મે, ૨૦૦૩.

લિદ્દરે પોતાના કામને વ્યવસ્થિત રીતે શરૂ કર્યું. ભારતીય વાયુસેનાની મદદથી હેલિપેડ બનાવવામાં આવ્યું. સપ્લાય પોઈન્ટ્સ માટે પરિચાલન ટ્રેક બનાવવામાં આવ્યા. ફાળવવામાં આવેલ પાયદળ સેનાની રચના માટે કાર્ય-પ્રશિક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું. ૯ પેરા (સીડીઓ)ની એક ટીમ દ્વારા ગુપ્ત બાતમી એકઠી કરવામાં આવી, જે ક્ષેત્રમાં કામ કરી રહી હતી અને કેટલીય સફળતાઓ મેળવી હતી. યોજના સરળ હતી. પેરા (સીડીઓ) ગાઈડનો ઉપયોગ કરનારી પગપાળા સેનાની ટુકડીઓ ત્રણ અલગ-અલગ દિશાઓથી અંધારાની આડમાં પોતાના નિર્ધારિત ક્ષેત્રોમાં ઘૂસણખોરી કરશે, ઠેકાણાંને સુરિક્ષત કરશે અને તેમના પર કબ્જો કરશે અને પછી પોતાના નિર્ધારિત જવાબદારી વાળા ક્ષેત્રોમાં તલાશી અને વિનાશ અભિયાન શરૂ કરશે. લિદ્દરે કાશ્મીર ઘાટી ક્ષેત્રમાં પીરપંજાલની પાર ભાગવાની કોશિશ કરનારા આતંકવાદીઓનો ખાતમો કરવાની વ્યવસ્થા પણ કરી. તેના માટે મુખ્યાલય ૧૫ કોરને પણ સતત સંપર્કમાં રાખવામાં આવી.

લિદ્દર યાદ કરે છે કે ઓપરેશન એક અઠવાડિયા પહેલાં શરૂ કરવામાં આવ્યું હતું અને ૧ મે, ૨૦૦૩ના રોજ પૂરું થઈ ગયું. સંસદમાં એક પ્રશ્નનો જવાબ આપતાં તત્કાલીન રક્ષા મંત્રી જ્યોર્જ ફર્નાન્ડીઝે એમ કહેતાં સચ્ચાઈ રજૂ કરી, 'ઓપરેશન સર્પ વિનાશમાં, માર્ચ ૨૦૦૩ના અંતિમ અઠવાડિયામાં એનસી દ્વારા સૈનિકોને મોકલવામાં આવ્યા હતા અને હિલકાકામાં ઓપરેશન ૨૧ એપ્રિલ, ૨૦૦૩ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. ઓપરેશન દરમ્યાન ૬૫ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા અને ત્રણની ધરપકડ કરવામાં આવી. ૧૧૯૦ ઠેકાણાંનો ભાંડાફોડ કરવામાં આવ્યો અને ૭૯ મુખ્ય હથિયાર અને મોટી માત્રામાં યુદ્ધસંબંધી સામાન બરામદ કરવામાં આવ્યા. ઓપરેશન દરમ્યાન, ૫ સૈન્યકર્મીઓએ સર્વોચ્ચ બલિદાન આપ્યું અને ૫ ઘાયલ થયા.

આજે વીસ વર્ષ બાદ, જોકે ઘૂસણખોરીની ભયાવહતા અને ક્ષેત્રમાં આતંકવાદીઓની સંખ્યા સમાન તો ન હોઈ શકે, પરંતુ રક્ષા પ્રતિષ્ઠાન યુદ્ધ ક્ષેત્રમાં પોતાની ચોકસાઈમાં ઢીલ ન દાખવી શકે. જમ્મુ ક્ષેત્રમાં આતંકવાદી ગતિવિધિઓમાં વધારા બાદ હવે એ સમયની માંગ છે કે ૨૦૦૩ની જેમ જ એક ઓપરેશન ચલાવવામાં આવે. એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે હતાશ પાકિસ્તાન જમ્મુ-કાશ્મીરમાં શાંતિને પાટા પરથી ઉતારી ન શકે.

રાજ્યના નગરો-શહેરોમાં વસવાટ કરતા લોકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વનો નિર્ણય

# નગરપાલિકાઓને રસ્તાઓના રિપેરીંગ-રિસરફેસીંગ અને સારા માર્ગોની સુવિધા માટે કુલ ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાશે

**ચોમાસુ પૂરૂ થાય એટલે ત્વરાએ રસ્તા મરામત કામો નગર પાલિકાઓ શરૂ કરી શકે તે માટે એડવાન્સમાં નાણાં ફાળવણી કરવાનો મુખ્યમંત્રીનો અભિગમ : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે ૧૫૭ નગરપાલિકાઓને મળશે ગ્રાન્ટ : મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે ૨૦૨૩-૨૪ સુધીમાં ૮૧૦.૯૫ કરોડ રૂપિયા રાજ્ય સરકારે ફાળવ્યા**



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ચોમાસા દરમ્યાન થતું નુકસાન નિવારી આવા રસ્તાઓના રિસરફેસીંગ તથા રીપેરીંગ માટે કુલ રૂ.૧૦૦ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે. નગરો-શહેરોમા વસવાટ કરતાં લોકોને સારા રસ્તાની સુવિધા સાથે માર્ગ સલામતી મળે અને ઈઝ ઓફ લિવિંગમાં વધારો થાય એવો જનહિત ઉદ્દેશ્ય મુખ્યમંત્રીએ આ નાણાં ફાળવણીમાં રાખ્યો છે. રાજ્યમાં ચોમાસા દરમ્યાન ભારે વરસાદને કારણે શહેરો, નગરોના રસ્તાઓને થયેલું નુકશાન દુરસ્ત કરવા નગરપાલિકાઓ પોતાનું આગોતરૂ આયોજન અત્યારથી જ હાથ ધરી શકે તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નાણાં ફાળવણી એડવાન્સમાં કરવાનો અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં રાજ્યની સ્થાપનાના સ્વર્ણિમ જયંતિ વર્ષે શરૂ કરેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ નાણાં ફાળવ્યા છે. આ અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે શહેરી વિકાસ વિભાગે ૪૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટની જોગવાઈઓ કરેલી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫૭ નગરપાલિકાઓમાં રસ્તાના રિપેરીંગ-રિસરફેસીંગની કામગીરી ચોમાસું પૂરૂ થયે વહેલી તકે શરૂ થઈ શકે અને નાગરિકોને ત્વરાએ સારા સુવિધા યુક્ત માર્ગો ઉપલબ્ધ બને તે માટે નગરપાલિકાઓની કેટેગરી મુજબ કુલ ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ આપી છે. તદ્અનુસાર 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ.૧ કરોડની, 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ રૂ.૮૦ લાખ, 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ.૬૦ લાખ અને 'ડ' વર્ગની ૪૫ નગરપાલિકાઓને પાલિકા દીઠ રૂ.૪૦ લાખની સૂચિત ફાળવણી માર્ગોની મરામત વગેરે કામો માટે કરાશે. આ મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં નગરપાલિકાઓને માર્ગ મરામત અને સુવિધાયુક્ત માર્ગો માટે કુલ ૮૧૦.૯૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપેલી છે.

'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત

# ૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષોનું વાવેતર કરાશે

## 'એક પેડ માં કે નામ' અભિયાનને રાજ્યમાં જન આંદોલન સ્વરૂપે વિસ્તારવા યોજાયેલી બેઠકમાં આખરી ઓપ અપાયો

અમદાવાદ, તા.૨૩

'એક પેડ માં કે નામ' અભિયાનને રાજ્યમાં જન આંદોલન સ્વરૂપે વિસ્તારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં આખરી ઓપ અપાયો. અમદાવાદ મહાનગરપાલિકા આ અભિયાન અન્વયે ૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષોનું વાવેતર કરશે. આગામી વન મહોત્સવ અંતર્ગત તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધી રાજ્યવ્યાપી અભિયાન 'એક પેડ માં કે નામ' વન વિભાગ શરૂ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે તારણોપાય તરીકે મોટા પાયે વૃક્ષો વાવવા 'એક પેડ માં કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું છે. તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિવસ, પાંચમી જૂને વડાપ્રધાનએ આ અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના આ પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે ગુજરાતમાં 'એક પેડ માં કે નામ' અભિયાનને જન આંદોલન સ્વરૂપે વિસ્તારવાનો નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રીએ રાજ્યના વન વિભાગ દ્વારા આ રાજ્યવ્યાપી અભિયાનને વધુ વેગવંતુ બનાવવાના આયોજનને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને આખરી ઓપ આપ્યો હતો.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પણ આ અભિયાન અન્વયે 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અંતર્ગત ૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આ સંદર્ભમાં ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત આગામી સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૨.૨૦ કરોડ વૃક્ષો વાવવાનો અને માર્ચ-૨૦૨૫ સુધીમાં કુલ મળીને ૧૭ કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ બેઠકમાં વન વિભાગ તરફથી થયેલા વૃક્ષ વાવેતરની વિગતો આપતાં જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકારના 'મેરી લાઈફ' પોર્ટલ પર દેશભરનાં રાજ્યોમાં વૃક્ષ વાવેતરની જે વિગતો નોંધાયેલી છે તે મુજબ અત્યાર સુધીમાં ગુજરાતે ૪ કરોડ ૩ લાખ ૩૩ હજાર વૃક્ષો ૩૩ જિલ્લાઓમાં વાવીને સમગ્ર દેશમાં બીજું સ્થાન મેળવ્યું છે.

રાજ્યમાં યોજાનારા ૭૫મા વન મહોત્સવ દરમિયાન પણ 'એક પેડ માં કે નામ' અભિયાનને તાલુકા, ગ્રામ્ય સ્તરના વન મહોત્સવો સુધી વિસ્તારવામાં આવશે અને સમગ્રતયા ૧૦.૫૦ કરોડ રોપાઓનું વિતરણ કરાશે એમ પણ આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ અનુકૂલન જીવનશૈલી 'મિશન લાઈફ' માટેની પણ પ્રેરણા આપી છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં પણ આ પર્યાવરણપ્રિય વિચારોને આગળ ધપાવતાં અમદાવાદ મહાપાલિકાએ 'એક પેડ માં કે નામ' અંતર્ગત 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ'નું બહુઆયામી આયોજન કર્યું છે.

૧૦૦ દિવસમાં ૩૦ લાખ વૃક્ષ વાવેતરનો આ નવતર અભિગમ અમદાવાદ મહાનગરપાલિકાએ શરૂ કર્યો છે. મહાનગરના ૪૮ વોર્ડ્સ, સાત ઝોન મળીને અંદાજે ૧૫ થી ૨૦ લાખ સ્કવેર મીટર વિસ્તારમાં આ વૃક્ષો વાવવાનું આયોજન છે. આ વૃક્ષોનું વાવેતર થતાં અમદાવાદ નગરના હાલના ગ્રીન કવરમાં ૬ થી ૮ ટકાનો વધારો થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરમાં બાગ-બગીચા, તળાવો, મહાનગરપાલિકાની માલિકીના પાર્ટીપ્લોટ, બિલ્ડિંગ, શાળા સંકુલો, રોડ સાઈડ પ્લાન્ટેશન તેમજ મિયાંવાકી પદ્ધતિથી વૃક્ષ વાવેતર વગેરેમાં મોટાપાયે જન ભાગીદારી જોડવા પણ બેઠકમાં સૂચનો કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દરેક અભિયાનમાં જેમ ગુજરાત અગ્રેસર રહ્યું છે તેમ 'એક પેડ માં કે નામ' અભિયાનમાં પણ વધુ ને વધુ વૃક્ષો વાવીને અગ્રેસર રહે તેવા સુદ્રઢ આયોજન માટે વન વિભાગ સહિતના સંબંધિત વિભાગોને મુખ્યમંત્રીશ્રીએ દિશાનિર્દેશો આપ્યા હતા. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, અગ્ર સચિવઓ સર્વ મોના ખંધાર, અશ્વિની કુમાર, સંજીવ કુમાર, મુખ્યમંત્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ સહિત વન વિભાગના તથા અમદાવાદ મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતા.

# ગીર સોમનાથના ઉનાની મછુન્દ્રી નદી ગાંડીતૂર બની

## આ નદી ગાંડીતૂર બનતા વહિવટીતંત્રએ લોકોને ચેતવ્યા છે અને ત્યાંથી દૂર રહેવાની સૂચના આપી છે

ગીર-સોમનાથ,તા.૨૩

ગીર-સોમનાથના ઉનાની મછુન્દ્રી નદીમાં પૂર આવ્યું છે. જેના દ્રશ્યો પણ હાલ સામે આવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે ગીર સોમનાથમાં એટલો વરસાદ પડી રહ્યો છે કે આ સિઝનમાં જ મછુન્દ્રી નદીમાં બીજી વખત પૂર આવ્યું છે.

ગુજરાતભરમાં મેઘરાજાની તોફાની બેટિંગ ચાલી રહી છે. તેમાં પણ સૌરાષ્ટ્રના વિસ્તારોમાં મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. ઠેર ઠેર પાણી જોવા મળી રહ્યા છે. ક્યાક માત્ર ૧ કલાકમાં ૫ ઈંચ વરસાદ તો ક્યાંક ૨ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ગીર-સોમનાથના ઉનામાં ભારે વરસાદના કારણે ત્યાંની મછુન્દ્રી નદીમાં ઘોડાપૂર આવ્યું છે.

ગીર-સોમનાથના ઉનાની મછુન્દ્રી નદીમાં પૂર આવ્યું છે. જેના દ્રશ્યો પણ હાલ સામે આવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે ગીર સોમનાથમાં એટલો વરસાદ પડી રહ્યો છે કે આ સિઝનમાં જ મછુન્દ્રી નદીમાં બીજી વખત પૂર આવ્યું છે. વિસ્તારોમાં ભારે વરસાદના કારણે નદીઓ ગાંડીતૂર બની રહી છે. આથી લોકોને નદીકાંઠાના વિસ્તારોથી દૂર રહેવા જણાવવામાં આવ્યું છે.

મછુન્દ્રી નદીના પાણીમાં સતત વધારો થઈ રહ્યો છે અહીં આ નદી ગાંડીતૂર બનતા વહિવટીતંત્રએ લોકોને ચેતવ્યા છે અને ત્યાંથી દૂર રહેવાની સૂચના આપી છે. હાલ નદીમાં પાણીનો ડરામણો પ્રવાહ જોવા મળી રહ્યો છે. જોકે આ સાથે ગીર સોમનાથમાં હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ખોરાક સ્વાદ લેવા માટે નહીં પરંતુ શરીરના પાલન માટે છે. - સ્વામી વિવેકાનંદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ વદ-૨ ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતિ વ્રતનું જાગરણ, પંચક (સવારે ૯:૧૯ ક.થી પ્રારંભ) તા.૨૩ જુલાઈ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૬, ધનિષ્ઠા નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૭, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સવારે ૯:૧૯ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રાવસ દ્વારા લાભ થાય.
વૃષભ:મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન:વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
કર્ક: ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે.
સિંહ: લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કન્યા: ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યો થાય.
તુલા: અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.
વૃશ્ચિક:મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય.
ધન: આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.
મકર: શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કુંભ: કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન: મહત્વના પ્રશ્નમાં ગુંચવણ પેદા થાય.

# વૃક્ષો વાવી ગ્રહ દોષોને શાંત કરો

જીવનમાં વૃક્ષોનું મહત્વ ઘણું બધું છે. વૃક્ષો વગરનું મનુષ્ય જીવન અધૂરૂ છે અને શક્ય જ નથી અને વિજ્ઞાનમાં પણ સાબિત થયેલું છે કે વૃક્ષોમાં પ્રાણ છે. વૃક્ષો વાવવાના અનેક ગણા ફાયદા છે. આપના પિતૃઓની યાદમાં પણ વૃક્ષો વાવી શકાય છે. વૃક્ષો વાવવાના અનેક ગણા ફાયદા છે જે લોકો વૃક્ષારોપણ કરે છે અને ઘરમાં વૃક્ષો વાવે છે તેઓને જીવનમાં કદી દુઃખ આવતું નથી. દરેક મનુષ્યને પોતાના કર્મ પ્રમાણે આ જન્મના હોય એક પાછલા કર્મ પ્રમાણે દુઃખ ભોગવવું જ પડે છે. આથી આ કર્મના દોષના નિવારણ માટે વૃક્ષો વાવવા જોઈએ. વૃક્ષો વાવવાથી જો દુઃખ આવે છે તો સરળતાથી ચાલ્યા જાય છે એટલે કે દુઃખનો અનુભવ થતો નથી અને ખાસ નોંધ એ કે વૃક્ષો વાવ્યા પછી તેનું જતન પણ કરવું જોઈએ.

**(૧) પહેલું વૃક્ષ છે પીપળો :** પીપળો ઘરમાં વાવી શકાતો નથી પરંતુ ખાસ કરીને મંદિર જેવી પવિત્ર જગ્યાએ પીપળો વાવી શકાય છે પીપળો એ પવિત્ર વૃક્ષ છે અને પીપળામાં કૃષ્ણ વિષ્ણુ ભગવાનનો વાસ છે તથા પીપળામાં પિતૃઓનો પણ વાસ માનવામાં આવે છે. દરરોજ પીપળાને પાણી ચઢાવવાથી પિતૃઓને મોક્ષ ગતિ મળે છે. ખાસ કરીને જે લોકોની જન્મ કુંડળીમાં ગુરૂ નબળો હોય ગુરૂ રાહુ ચાંડાલ યોગ હોય તો પીપળાની દરરોજ પૂજા કરવી જરૂરી છે. જેથી જીવનમાં રાહત મળે અને આમ તો દરેક લોકોએ દરરોજ પીપળાની પૂજા કરવી જોઈએ અને ખાસ કરીને પવિત્ર જગ્યાએ પીપળો વાવવો જોઈએ. મંદિર સિવાય કોઈપણ પવિત્ર જગ્યાએ પણ પીપળાનું વૃક્ષ વાવી તેનું જતન કરવું જોઈએ જેથી ગુરૂ ગ્રહની પીડા શાંત થાય છે.

**(૨) બીજુ વૃક્ષ છે વડ :** વડના ઝાડને આયુષ્ય આપનારૂ અને મોક્ષ આપનારૂ વૃક્ષ માનવામાં આવે છે. જો આરોગ્ય નબળું હોય તો વડનો છોડ જરૂર લગાવવો જોઈએ તથા વડના વૃક્ષ નીચે બેસી શિવજીની પૂજા કરવી ઉત્તમ ગણાય છે અને આરોગ્ય સારૂ રહે છે.

**(૩) ત્રીજું વૃક્ષ છે બીલીપત્ર :** બીલીપત્રનું વૃક્ષ ઘરમાં પણ વાવી શકાય છે. લક્ષ્મી ટક્તિ ન હોય ભાગ્યોદય થતો ન હોય તો દરરોજ બીલીપત્રના વૃક્ષ નીચે શિવજીની પૂજા કરવી તથા ઘરમાં રાખેલ શિવલિંગને બિલીપત્રના વૃક્ષ નીચે રાખી તેના ઉપર જળનો અભિષેક કરવું ભાગ્યોદય થશે આરોગ્ય સારૂ રહેશે અને લક્ષ્મીની પ્રાપ્તિ થશે.

**(૪) ચોથું વૃક્ષ છે આસોપાલવ :** ઘરમાં આસોપાલવનું ઝાડ વાવવાથી નવગ્રહ શાંતિ થાય છે એટલે કે ગ્રહો શાંત રહે છે. ઘરમાં કજીયા કંકાસ રહેતા હોય તો ખાસ આસોપાલવનું વાવવું જોઈએ અને ખાસ કરીને દરેક શુભ પ્રસંગે દિપાવલીના દિવસે આસોપાલવનું તોરણ ઘરના મુખ્ય દરવાજે બાંધવુ જોઈએ. ખાસ કરીને ઘરમાં શાંતિ માટે આસોપાલવનું વાવમાં આવે છે. જન્મકુંડળીમાં બુધ ગ્રહ નબળો હોય અથવા દૂષિત હોય તો આસોપાલવનું ઝાડ ખાસ હોવું જોઈએ.

**(૫) પાંચમો છોડ છે તુલસી :** દરેક હિન્દુઓના ઘરમાં તુલસી તો હોવા જ જોઈએ પુરાણોમાં જણાવ્યા પ્રમાણે તુલસી વગરનું ઘર એ ઘર નથી જન્મથી માંડી અને મૃત્યું સુધી તુલસીનું મહત્વ છે. તુલસી આરોગ્ય માટે પણ સારા ગણાય છે. ઘરમાં તુલસી રાખવાથી અશુભ તત્વ ઘરમાં પ્રવેશ કરતા નથી. દરરોજ ઘરના દરેક લોકોએ તુલસીની પૂજા કરવી જોઈએ અને સાથે શાલીગ્રામને પૂજા કરવા છે. દાંપત્ય જીવનમાં મીઠાશ આવે છે.

**- જ્યોતિષી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

# રાજ્ય સરકાર નગરપાલિકાઓને રસ્તાઓના સમારકામ માટે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવશે

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે ૧૫૭ નગરપાલિકાઓને મળશે ગ્રાન્ટ



ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ચોમાસા દરમ્યાન થતું નુકસાન નિવારી આવા રસ્તાઓના રિસરફેસીંગ તથા રીપેરીંગ માટે કુલ રૂ.૧૦૦ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે. નગરો-શહેરોમાં વસવાટ કરતાં લોકોને સારા રસ્તાની સુવિધા સાથે માર્ગ સલામતી મળે અને ઈઝ ઓફ લિવિંગમાં વધારો થાય એવો જનહિત ઉદ્દેશ્ય મુખ્યમંત્રીએ આ નાણાં ફાળવણીમાં રાખ્યો છે. રાજ્યમાં ચોમાસા દરમ્યાન ભારે વરસાદને કારણે શહેરો, નગરોના રસ્તાઓને થયેલું નુકશાન દુરસ્ત કરવા નગરપાલિકાઓ પોતાનું આગોતરૂં આયોજન અત્યારથી જ હાથ ધરી શકે તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નાણાં ફાળવણી એડવાન્સમાં કરવાનો અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં રાજ્યની સ્થાપનાના સ્વર્ણિમ જયંતિ વર્ષે શરૂ કરેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મુખ્યમંત્રીએ આ નાણાં ફાળવ્યા છે. આ અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે શહેરી વિકાસ વિભાગે ૪૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટની જોગવાઈઓ કરેલી છે. મુખ્યમંત્રીએ ૧૫૭ નગરપાલિકાઓમાં રસ્તાના રિપેરીંગ-રિસરફેસીંગની કામગીરી ચોમાસું પૂરૂં થયે વહેલી તકે શરૂ થઈ શકે અને નાગરિકોને ત્વરાએ સારા સુવિધા યુક્ત માર્ગો ઉપલબ્ધ બને તે માટે નગરપાલિકાઓની કેટેગરી મુજબ કુલ ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ આપી છે. તદ્અનુસાર 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂા.૧ કરોડની, 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ રૂા.૮૦ લાખ, 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂા. ૬૦ લાખ અને 'ડ' વર્ગની ૪૫ નગરપાલિકાઓને પાલિકા દીઠ રૂા.૪૦ લાખની સૂચિત ફાળવણી માર્ગોની મરામત વગેરે કામો માટે કરાશે. આ મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં નગરપાલિકાઓને માર્ગ મરામત અને સુવિધાયુક્ત માર્ગો માટે કુલ ૮૧૦.૯૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપેલી છે.

# વધુ એક મુશ્કેલીમાં ફસાયો હાર્દિક પંડ્યા, હવે બોલિંગ ઉપર ઉઠયા સવાલો



નવી દિલ્હી, તા.૨૩

હાર્દિક પંડ્યા સતત સમાચારમાં રહે છે. તાજેતરમાં જ ભારતીય ઓલરાઉન્ડરે પત્ની નતાશા સ્ટેનકોવિકથી અલગ થઈ ગયા હતા. તે પહેલા, ૨૦૨૪માં ૨૦ વર્લ્ડ કપમાં, હાર્દિકે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ટીમ ઈન્ડિયાને જીત અપાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. હવે ફરી એકવાર હાર્દિક પંડ્યાની બોલિંગ ફિટનેસ ઉપર સવાલો ઉઠી રહ્યા છે. ૨૦૨૫માં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા હાર્દિક પંડ્યાની બોલિંગની ચકાસણી કરવામાં આવશે. ઘરેલુ ક્રિકેટમાં હાર્દિકની બોલિંગ ઉપર નજર રાખવામાં આવશે. ઉપરાંત જણાવવાનું કે ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફી ODI ફોર્મેટમાં રમાશે. આવી સ્થિતિમાં હાર્દિક પંડ્યા ટીમ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. ૨૦૨૩માં રમાયેલા ODI વર્લ્ડ કપમાં હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત થયો હતો અને તેને થોડી મેચો બાદ ટૂર્નામેન્ટમાંથી બહાર થવું પડ્યું હતું. હાર્દિકની ઈજા હંમેશા ચિંતાનો વિષય રહી છે. ODI ફોર્મેટમાં, હાર્દિક પાસે લગભગ ૧૦ ઓવર બોલિંગ કરવાની જવાબદારી છે, જે તેના ઉપર કામનું ભારણ વધારે છે. અહેવાલ અનુસાર, ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ડિસેમ્બરમાં રમાનારી વિજય હજારે ટ્રોફીમાં પંડ્યાની બોલિંગ ફિટનેસ ઉપર નજર રાખવામાં આવશે. એટલે કે હાર્દિક ODI ફોર્મેટમાં રમાતી વિજય હજારે ટ્રોફીમાં રમતા જોવા મળી શકે છે. જો કે આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. જોકે, ભારતીય ખેલાડીઓને પહેલાથી જ ડોમેસ્ટિક ક્રિકેટમાં રમવા માટે કહેવામાં આવ્યું છે. નોંધનીય છે કે હાર્દિક પંડ્યાની બોલિંગ વારંવાર સવાલોના ઘેરામાં રહે છે. ૨૦૨૪ની IPLમાં હાર્દિકે વધારે બોલિંગ કરી ન હતી. જોકે, IPL બાદ યોજાયેલા ૨૦ વર્લ્ડ કપમાં હાર્દિકની બોલિંગમાં કોઈ ઘટાડો થયો નહોતો. હવે તમામની નજર ચેમ્પિયન્સ ટ્રોફીમાં હાર્દિકની બોલિંગ ઉપર રહેશે. પંડ્યા અને નતાશાના લગ્ન વર્ષ ૨૦૨૦માં થયા હતા. બંને પહેલીવાર ૨૦૧૮માં મળ્યા હતા. આ પછી તેઓ મિત્રો બન્યા. હાર્દિક અને નતાશા ટૂંક સમયમાં એકબીજાને ડેટ કરવા લાગ્યા. આ પછી તેઓએ ૨૦૨૦ માં લગ્ન કર્યા. એ જ વર્ષે તેમનો પુત્ર અગસ્ત્ય પણ દુનિયામાં આવ્યો. હવે બંને અલગ થઈ ગયા છે. નતાશા સર્બિયા પરત ફરી છે.

# બંગાળની ખાડી ઉપરનું લો પ્રેશર વાવાઝોડામાં પરિવર્તિત થતા દેશના કેટલાક રાજ્યો ઉપર તબાહીની સંભાવના



નવી દિલ્હી તા.૨૩

એક તરફ ચોમાસાનો વરસાદ સમગ્ર ભારતના અનેક રાજ્યોને ધમરોળી રહ્યો છે. ત્યાં હવે ભારતના કેટલાક રાજ્યો ઉપર હવે વાવાઝોડાનું સંકટ પણ તોળાઈ રહ્યુ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડુ ઉદભવવાની સંભાવના છે. બંગાળની ખાડીમાંથી સર્જાયેલા લો પ્રેશરે વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કર્યુ છે. આ વાવાઝોડાને 'લોપર' નામ આપવામાં આવ્યું છે. ઓડિશાના દરિયાકાંઠે ઉત્તર-પશ્ચિમ અને અડીને આવેલા પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી અને અડીને આવેલા ઉત્તર આંધ્ર પ્રદેશ પરનું ડિપ્રેસન લગભગ ૭ કિમી પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર-પશ્ચિમ અને અડીને આવેલા પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પરનું લો પ્રેશર એરિયા શુક્રવારે દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારમાં દબાણ વિસ્તારમાં ફેરવાઈ ગયું હતું. તે પુરી, ઓડિશાથી લગભગ ૫૦ કિમી દક્ષિણ-પશ્ચિમમાં, ગોપાલપુરથી ૯૦ કિમી પૂર્વમાં, પારાદીપથી ૧૪૦ કિમી દક્ષિણ-પશ્ચિમમાં અને કલિંગપટનમ (આંધ્રપ્રદેશ)થી ૨૦૦ કિમી ઉત્તર-પૂર્વમાં છે. IMD અનુસાર, તે ઓડિશા અને છત્તીસગઢ ઉપર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધતી વખતે આગામી ૨૪ કલાક દરમ્યાન ધીમે ધીમે નબળું પડશે. ચોમાસાની સિસ્ટમ સક્રિય છે અને તેની સામાન્ય સ્થિતિની દક્ષિણે છે. આગામી ૨-૩ દિવસ દરમ્યાન તે તેની સામાન્ય સ્થિતિથી દક્ષિણમાં રહેવાની શક્યતા છે. શીયર ઝોન લગભગ 20°N સાથે નીચલા અને મધ્યમ ઉષ્ણકટિબંધીય સ્તરોમાં ચાલે છે અને ઊંચાઈ સાથે દક્ષિણ તરફ વળે છે. સરેરાશ દરિયાની સપાટી ઉપર ઓફશોર ટ્રફ દક્ષિણ ગુજરાત-ઉત્તર કેરળના દરિયાકાંઠે સરેરાશ દરિયાઈ સપાટીથી પસાર થાય છે. એક ચક્રવાતી પરિભ્રમણ ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને તેની નજીકના સૌરાષ્ટ્રમાં નીચલા ઉષ્ણ કટિબંધીય સ્તરોમાં સ્થિત છે.

# ઉત્તરપ્રદેશ : રામ મંદિરના પૂજારીઓ માટે નવો ડ્રેસ કોડ; એન્ડ્રોઈડ ફોન ઉપર પ્રતિબંધ

લખનૌ, તા.૨૩

રામ મંદિરમાં સેવા આપતા પૂજારીઓ માટે નવો ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે. મંદિરના પૂજારી હવે સફેદ ધોતી અને પીળી ચોબંદી (કુર્તા)માં જોવા મળશે, જે રામ મંદિર ટ્રસ્ટ દ્વારા આપવામાં આવશે. આ નિર્ણય ટ્રસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો, જે ટૂંક સમયમાં તમામ પૂજારીઓને પોશાકનું વિતરણ કરશે. ડ્રેસ કોડ ઉપરાંત, રામ મંદિર ટ્રસ્ટે રામલલાની પૂજા કરતા તમામ ૨૫ પૂજારીઓને કીપેડ ફોન જારી કર્યા છે. મંદિર પરિસરમાં એન્ડ્રોઈડ ફોનના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પૂજારીઓએ હવે ફક્ત તેમને આપવામાં આવેલા કીપેડ ફોનનો ઉપયોગ કરવાનો રહેશે,જ્યારે તેમના એન્ડ્રોઈડ ફોન મંદિરની અંદર બનેલા લોકર રૂમમાં સંગ્રહિત કરવામાં આવશે. રામ મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે મંદિરની આચારસંહિતાનો પરિચય કરાવવા માટે નવા પૂજારીઓ સાથે બેઠક યોજી હતી. આ મીટિંગ દરમિયાન ડ્રેસ કોડ અને ફોન ઉપયોગ નીતિ ઉપર ચર્ચા થઈ હતી.ટ્રસ્ટ દરેક પાદરીને ઉનાળા અને શિયાળા બંને ઋતુ માટે પોશાકના ત્રણ સેટ આપશે. રાયે નવા પૂજારીઓને કહ્યું,મંદિરમાં ફોટોગ્રાફી અને વીડિયો રેકોર્ડિંગ ઉપર સખત પ્રતિબંધ છે. રામ મંદિરના પૂજારી પ્રેમચંદ્ર ત્રિપાઠીએ ડ્રેસ કોડના અમલીકરણ અને તમામ પૂજારીઓને કીપેડ ફોનની જોગવાઈની પુષ્ટિ કરી હતી. ટ્રસ્ટે મંદિરમાં પૂજા અને સેવાની ફરજો માટે એક કાર્ય સૂચિ પણ બહાર પાડી છે. દરેક પાદરીએ કાર્ય સૂચિની એક નકલ પ્રાપ્ત કરી છે, જે તેમની ફરજોની રૂપરેખા દર્શાવે છે. નવા પૂજારીઓ વર્તમાન પૂજારીઓની સાથે સૂચિ અનુસાર પૂજા કરશે. ગર્ભગૃહ સોંપવામાં આવેલા પૂજારીઓને આઠથી દસ કલાકની પાળી હશે, જ્યારે કુબેર ટીલામાં હનુમાનજી, યજ્ઞ મંડપમ અને અસ્થાયી મંદિર જેવા પૂજા સ્થળો માટે સોંપવામાં આવેલા પૂજારીઓને ચારથી છ કલાકની પાળી હશે.

૧૨ વર્ષે મુખ્ય શિક્ષકોના નિયમો જાહેર કરાતા રાજ્યના ૭ હજાર મુખ્ય શિક્ષકોને ફાયદો થશે

# રાજ્યના HTAT મુખ્ય શિક્ષકોની બદલી અંગેના પ્રશ્નનો આવ્યો અંત : બદલી અંગેના નિયમો જાહેર

## આંતરિક જિલ્લા બદલી માટે ૩ વર્ષ અને જિલ્લા ફેર-બદલીમાં પાંચ વર્ષ પૂર્ણ થવા જરૂરી

ગાંધીનગર, તા.૨૩

રાજ્યમાં આવેલી પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષક HTATની ભરતીના ૧૨ વર્ષ પછી હવે શિક્ષણ વિભાગ દ્વારા બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. બદલીના નિયમો અનુસાર ઓછી સંખ્યા હોવાના લીધે વધમાં પડતા મુખ્ય શિક્ષકોનો પણ બચાવ થશે. શિક્ષણ વિભાગ દ્વારા બાલવાટિકાથી ધોરણ-૮ હોય ત્યાં ૧૫૦ વિદ્યાર્થીએ એક મુખ્ય શિક્ષકની જોગવાઈ કરી છે, જે અગાઉ ૨૫૦ વિદ્યાર્થીએ એક મુખ્ય શિક્ષકની હતી. જિલ્લા આંતરિક બદલીમાં ૩ વર્ષની ફરજ અને જિલ્લા ફેરબદલીમાં ૫ વર્ષની નોકરી ફરજિયાત કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૧૧ના ઠરાવથી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત HTAT મુખ્ય શિક્ષકની નવી કેડર ઉભી કરવામાં આવી હતી. આ કેડર ઉભી કરવામાં આવ્યા બાદ HTAT મુખ્ય શિક્ષકની કેડરને શિક્ષણ વિભાગ દ્વારા ૧૫ માર્ચ, ૨૦૨૧ના ઠરાવથી શૈક્ષણિક કેડર જાહેર કરવામાં આવી હતી. જેથી મુખ્ય શિક્ષકોની માંગણી હતી કે તેમને વહીવટી કર્મચારીઓના બદલીના સિદ્ધાંતો લાગુ પડવા જોઈએ નહીં. ત્યારબાદ સરકાર દ્વારા બદલીના નિયમોને લઈ વિચારણા કરી જરૂરી અભ્યાસ બાદ HTAT મુખ્ય શિક્ષકોની બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. HTAT મુખ્ય શિક્ષકોના બદલીના જાહેર થયેલા નિયમો અનુસાર અન્ય શિક્ષકોની જેમ મુખ્ય શિક્ષકોના પણ જિલ્લાફેર અને જિલ્લા આંતરિક અરસ-પરસની બદલીનો લાભ આપવામાં આવશે. એટલુ જ નહીં, દર વર્ષે શિક્ષકોની માફક મુખ્ય શિક્ષકોનું મહેકમ પણ શિક્ષણ વિભાગ દ્વારા જ નક્કી કરવામાં આવશે. અરસ-પરસ બદલીમાં બઢતી કે સીધી ભરતીથી નિમણૂક પામેલ કોઈ પણ મુખ્ય શિક્ષકની સામે અરસ પરસ બદલી કરી શકાશે. તબીબી કિસ્સાઓની બદલી, રાષ્ટ્રીય, રાજ્ય સુરક્ષા હેઠળના અધિકારી કર્મીઓના મુખ્ય શિક્ષક પતિ-પત્નીની બદલીઓ, રાજ્યના વડા મથકના બિન બદલીપાત્ર અધિકારી કર્મચારીઓના કિસ્સાઓમાં પણ બદલીની જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા બદલીના નિયમોમાં મહેકમ કઈ રીતે ગણાશે તે પણ નક્કી કર્યું છે. જેમાં બાલવાટીકાથી ધો-૫માં ૧૫૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય છે. જ્યારે ધો-૬થી ૮માં ૧૦૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક અને બાલવાટીકાથી ધો-૮માં ૧૫૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય છે. જિલ્લા આંતરિક બદલીની માંગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલની શાળામાં ઓછામાં ઓછી ૩ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે. જિલ્લા ફેર બદલીની માંગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલના જિલ્લામાં ઓછામાં ઓછી ૫ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે. ૫૦ ટકા જગ્યાઓ અગ્રતાથી અને ૫૦ ટકા શ્રેયાનતાથી ભરવાની રહેશે.

# રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ન્યુટ્રીશન ગાર્ડન વિકસાવવા માટે સૂચન કરાયું

## સ્કૂલની ખુલ્લી જગ્યામાં ગાર્ડન વિકસાવી ત્યાં શાકભાજી ઉગાડવામાં આવશે


અમદાવાદ,તા.૨૩

રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં ન્યુટ્રીશન ગાર્ડન વિકસાવવા માટે પરિપત્ર કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્કૂલની ખુલ્લી જમીનમાં ગાર્ડન વિકસાવી તેમાં શાકભાજી ઉગાડવા માટે સુચન કરાયું છે. જેથી આ શાકભાજીનો પીએમ પોષણ યોજના અંતર્ગત બનતા ભોજનમાં પણ ઉપયોગ કરી શકાશે. ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રકૃતિક શિક્ષણ થકી વિવિધ પ્રકારના વૃક્ષોની માહિતી પણ આપી શકાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, પી.એમ.પોષણ યોજના હેઠળ આવરી લેવાયેલી રાજયની તમામ સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓની ઉપલબ્ધ ખુલ્લી જમીનમાં સ્કૂલ ન્યુટ્રીશન ગાર્ડન વિકસાવવા માટે પરિપત્ર કરવામાં આવ્યો છે. જેમાં ઋતુ પ્રમાણે ટામેટા, રીંગણ, મરચાં, દુધી, પાણા, આદું, સરગવા જેવા શાકભાજીના છોડ અને લીંબુ, સરગવો, આમળા, મીઠો લીમડો, જામફળ જેવા ફળાઉં જાડનું વાવેતર કરવાન માટે જણાવાયું છે. શાળામાં બાળકોને પ્રાકૃતિક શિક્ષણ થકી વિવિધ પ્રકારના વૃક્ષોની માહિતી-જાણકારી મળે તેમજ ઓર્ગેનિક શાકભાજીનો બાળકોના ભોજનમાં ઉપયોગ કરવાના હેતુસર ગાર્ડન વિકસાવવા માટે તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ હેતુથી શાળા પરિસરમાં ઉપલબ્ધ ખુલ્લી જમીનમાં દરેક શાળાએ સ્કૂલ ન્યુટ્રીશન ગાર્ડન વિકસાવવા માટે સુચન કરવામાં આવ્યું છે. વધુમાં શહેરી વિસ્તાર કે જ્યાં ખુલ્લી જમીન ઉપલબ્ધ નથી ત્યાં શાકભાજી માટીના પોટ, લાકડાની પેટી, બરણી, ટેરેસ ઉપર, છાપરા ઉપર વગેરે જગ્યાએ છોડનું વાવેતર કરી શકાય છે. આથી તમામ શાળાઓમાં સ્કૂલ ન્યુટ્રીશન ગાર્ડન વિકસાવવા માટે સબંધિત તમામ ઉત્સાહપૂર્વક કાર્યવાહી કરવા સૂચના આપવા જણાવાયું છે. રાજ્યમાં હાલમાં વર્ષા ઋતુ ચાલી રહી છે ત્યારે શાળાઓમાં નવા છોડ, રોપાઓ ઉછેરવાનું અનુકૂળ વાતાવરણ સર્જાયુ છે. તેથી પ્રત્યેક શાળામાં પીએમ પોષણ યોજનામાં ઉપયોગી તેવા શાકભાજીના છોડનું વાવેતર કરવા તાકીદ કરાઈ છે.

# TATA Group ગુજરાતના ધોલેરાને સેમિકન્ડકટર ઉત્પાદનનું શ્રેષ્ઠ હબ બનાવશે

મુંબઈ તા.૨૩

૧૯ જુલાઈના રોજ યુએસ સ્થિત માઈક્રોન, ટાટા ગ્રુપ, તાઈવાનના રાજદ્વારીઓ અને ભારત અને ગુજરાત સરકારના અધિકારીઓ ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૪ (Gujarat Semiconnect Conference 2024) શરૂ કરવા ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે એકત્ર થયા હતા. અધિકારીઓએ રાજયના સ્થાનિક ઉદ્યોગોને વિનંતી કરી હતી કે ઉભરતી સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનો ભાગ બનવા માટે તેમની પ્રોડક્ટ લાઈનને વિસ્તૃત અને વૈવિધ્યીકરણ કરવું જોઈએ. માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ (TEPL) નું સંયુક્ત સાહસ PSMC, તાઈવાન અને CG પાવરે જાપાનના રેનેસાસ સાથે સાણંદ અને ધોલેરામાં તેમના પ્લાન્ટ સ્થાપવાનું લક્ષ્યાંક બનાવી રહ્યા હોવાથી સ્થાનિક સપ્લાયરોનો ટેકો નિર્ણાયક ભૂમિકા ભજવશે." ટાટા ઈલેક્ટ્રોનિક્સ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન સુવિધા સફળતાપૂર્વક ચલાવવા માટે તેઓને કદાચ આસપાસમાં લગભગ ૩૦૦ અલગ-અલગ સપ્લાયર્સની જરૂર પડશે" એસ ક્રિશ્નન, સેક્રેટરી, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય, ભારત સરકારે ઈવેન્ટમાં જણાવ્યું હતું. આ વર્ષની શરૂઆતમાં સરકારે પાવરચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન (PSMC) સાથે ભાગીદારીમાં ગુજરાતના ધોલેરામાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી બનાવવાની ટાટાની દરખાસ્તને મંજૂરી આપી હતી. ફેબનું બાંધકામ ચાલી રહ્યું છે અને ૨૦૨૬ સુધીમાં તૈયાર થવાની અપેક્ષા છે. રૂપિયા ૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે ટાટા ઈલેક્ટ્રોનિક્સનું લક્ષ્ય ભારતનું પ્રથમ AI-સક્ષમ અત્યાધુનિક ફેબ બનાવવાનું છે. તેમની પાસે દર મહિને ૫૦,૦૦૦ ચિપ્સ સુધીની ઉત્પાદન ક્ષમતા હશે અને તેમાં ડેટા એનાલિટિક્સ અને મશીન લર્નિંગની જમાવટ કરતી નેક્સ્ટ જનરેશન ફેક્ટરી ઓટોમેશન ક્ષમતાઓનો સમાવેશ થશે. સેમિકન્ડક્ટર ફેબ પાવર મેનેજમેન્ટ IC, ડિસ્પ્લે ડ્રાઈવર્સ, માઈક્રોકન્ટ્રોલર્સ (MCUs) અને ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટિંગ લોજિક જેવી એપ્લિકેશનો માટે ચિપ્સનું ઉત્પાદન કરશે. જે ઓટોમોટિવ, કમ્પ્યુટિંગ અને ડેટા સ્ટોરેજ, વાયરલેસ કમ્યુનિકેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા બજારોમાં વધતી માંગને સંબોધિત કરશે.



તાજેતરમાં ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરન ટાટા ઈલેક્ટ્રોનિક્સમાં ચેરમેનની વધારાની ભૂમિકા સંભાળી છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સ તેના સેમિકન્ડક્ટર બિઝનેસને ઝડપથી વિસ્તારી રહ્યું છે ત્યારે આ સંક્રમણ આવ્યું છે. ગયા વર્ષે, ઈન્ટેલ ફાઉન્ડ્રી સર્વિસના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ, રણધીર ઠાકુર, CEO અને MD તરીકે જોડાયા હતા. ભૂમિકા ધારણ કર્યા પછી પ્રથમ વખત ઠાકુરે જાહેર કાર્યક્રમમાં મજબૂત સપ્લાય ચેઈન બનાવવા, ટેલેન્ટ પૂલની સ્થાપના અને વધુ મહત્વ આપવા પર ભાર મૂક્યો છે. ગુજરાતમાં અમે ધોલેરામાં અમારા ફેબ પ્રોજેક્ટ માટે ૧૧ બિલિયન ડોલરનું રોકાણ કરવા પ્રતિબદ્ધ છીએ, જે ૨૦,૦૦૦ થી વધુ નોકરીઓનું સર્જન કરશે, જે અમારી સફરની માત્ર શરૂઆત છે. ધોલેરામાં આ પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ ૨,૦૦૦ થી વધુ ઈકોસિસ્ટમ પાર્ટનર્સ અને સપ્લાયર્સ લાવશે અને તેમાંથી થોડાએ અમારી સાથે કામ કરવાનું શરૂ કરી દીધું છે.

# આકાશ અંબાણીએ Jioને દુનિયાની સૌથી મોટી કંપની બનાવી


મુંબઈ તા.૨૩

મુકેશ અંબાણીના પુત્ર આકાશ અંબાણીએ એક નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. હા, આકાશ અંબાણીની ટેલિકોમ કંપની રિલાયન્સ Jio ચીનની કંપનીઓને પાછળ છોડીને વિશ્વની નંબર ૧ કંપની બની ગઈ છે. હાલમાં રિલાયન્સ જિયો દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની છે. જેનો ગ્રાહક આધાર ૪૯ કરોડ છે. નિષ્ણાતોની વાત માનીએ તો આગામી એક વર્ષમાં રિલાયન્સ જિયોનો IPO પણ આવવાનો છે. જે દેશનો સૌથી મોટો આઈપીઓ હોઈ શકે છે. જે બાદ રિલાયન્સ જિયોનું વેલ્યુએશન ૧૦ લાખ કરોડ રૂપિયા થઈ શકે છે. આવો અમે તમને એ પણ જણાવીએ કે મુકેશ અંબાણીની રિલાયન્સ જિયોએ કયું પરાક્રમ કર્યું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કંપનીના કુલ ગ્રાહકોની સંખ્યા અંદાજે ૪૯ કરોડ સુધી પહોંચી ગઈ છે, જેમાં ૧૩ કરોડ 5G વપરાશકર્તાઓનો સમાવેશ થાય છે. આ સાથે, જો આપણે ચીનને છોડી દઈએ, તો Jio 5G સેવાઓના સંદર્ભમાં સૌથી મોટી કંપની બની ગઈ છે.

### શેરી વળાવી સજજ કરો, પ્રભુ ઘેર આવે છે..

# સોમનાથ દાદાના મંદિરને શ્રાવણ મહિનાનાં પ્રારંભ પુર્વે ચોખ્ખું ચણાક બનાવાશે



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૩

વિશ્વ પ્રસિધ્ધ ભારત બાર જયોર્તિલીંગના પ્રથમ સોમનાથ મહાદેવનું મંદિર તથા ટ્રસ્ટ હસ્તકના દેવ મંદિરો-ચોપાટી, અતિથી ગૃહો આસપાસના પવિત્ર શ્રાવણ માસ પ્રારંભ પુર્વે અમદાવાદનું બાપા સીતારામ સેવા ટ્રસ્ટના સેવકો સાફ-સુઘડ સફાઈ કરી સેવા કરી ચોખ્ખું ચણાક બનાવશે.

અમદાવાદના બાપા સીતારામ સેવા ટ્રસ્ટના પ્રમુખ હરેશભાઈ સોનીએ આ અંગે જણાવ્યું હતું કે, અમારા ટ્રસ્ટના સેવા સમર્પિત ૩૬૦થી પણ વધુ સેવકો આ સેવાયજ્ઞમાં ભાગ લેશે જેમાં ૧૬૦ મહિલાઓ પણ છે. તેઓ ૨૮ મી જુલાઈએ વહેલી સવારના ટ્રેન દ્વારા પહોંચશે અને સોમનાથ ધામ ખાતે બાપા સીતારામની દિવ્ય આરતી કરશે. ત્યારબાદ સવારે ૯ વાગ્યાથી જુદી જુદી ટુકડીઓમાં સફાઈ કાર્ય નોન-સ્ટોપ છેક તા.૨૯ જુલાઈ સવાર સુધી કરશે. આ સફાઈના સ્થળોમાં સોમનાથ મંદિર, પ્રાચીન સોમનાથ મંદિર, ભાલકા, રામ મંદિર, ગીતા મંદિર, પ્રાચી, ત્રિવેણી સંગમ, ગૌશાળા, ચોપાટી, સ્મશાન, અતિથીગૃહ પરિસરો સહિતના સ્થળોનો સમાવેશ થાય છે.

તેઓનો સોમનાથ ખાતે આવવાનો આ ૧૪ મું વર્ષ છે. તેઓ સફાઈ કરવા માટેના તમામ સાધનો અમદાવાદથી પોતાની સાથે લાવે છે. જેમાં સાવરણા ઉભા ૧૦૦ નંગ, સવારણી ૧૫૦ નંગ, લાદી ઘસવાના પતરા ૫૦, પાણી કાઢવાના વાઈપર, ૪૦૦ ફુટની પાણીની પાઈપલાઈન, એક પ્રેસર પંમ્પ, લોખંડના તાર બ્રશ ૭૫, સફાઈ માટે કપડા ટુકડાનો સમાવેશ થાય છે.

દર મહિને કે પર્વ પુર્વે તેઓ કચ્છ ખાતે માતાનો મઢ, દ્વારકા, અંબાજી, બગદાણા, સતાધાર, ઘેલા સોમનાથ, ભુરખીયા હનુમાન વિગેરે સ્થળોએ સેવા બજાવતા રહે છે. આ અમારૂં અભિયાન છેલ્લા ૨૧ વર્ષથી ચાલે છે અને સોમનાથમાં આ ૧૪ મું વર્ષ છે. અમારા સોની રસોઈ વ્યવસ્થા અમારા દ્વારા જ થાય છે.

અમારા આ કાર્યમાં સોમનાથ ટ્રસ્ટ ખુબજ ઉપયોગી સહકાર આપે છે. એકવાર અમો બગદાણા ગયા હતા અને ત્યાંના ગુરૂ આશ્રમના સંત તત્કાલીન મેનેજીંગ ટ્રસ્ટી મનજીબાપાએ અમારી સાથે વાતચીતમાં તેમણે જણાવેલ કે, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' તેઓની આ પ્રેરણા ઝીલી આ કાર્ય કરાય છે. તા.૨૯ જુલાઈના રોજ બાપા સીતારામ સંતની ધુન ભજન-વાજતે ગાજતે સોમનાથ ખાતે શોભાયાત્રા કાઢી સોમનાથ ભગવાનનો થાળ ધરી અનો ધ્વજારોહણ કરાશે.

# ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહિલા મોર્ચા દ્વારા ગુરૂપુર્ણિમાની ઉજવણી કરાઈ



જૂનાગઢ તા. ૨૩

ભારતીય જનતા પાર્ટી મહાનગર જૂનાગઢ દ્વારા ગત તા.૨૧/ ૭/ ૨૦૨૪ રવિવારના રોજ ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂવંદના તેમજ ગૌરી પૂજનનો કાર્યક્રમ જૂનાગઢ મહિલા મોર્ચા દ્વારા બિલનાથ અને ભૂતનાથ ખાતે રાખવામાં આવેલો હતો. બિલનાથ મહાદેવના મહંત શ્રી ગણેશાનંદ બાપુનું ગુરૂપૂજન કરી ગૌરીવ્રત વાળી દિકરીઓનું પૂજન કર્યું હતું. તેમાં મહિલા મોર્ચાના પ્રમુખ જ્યોતિબેન વાડોલીયા, પૂર્વ પ્રમુખ કનકબેન વ્યાસ, મહામંત્રી ભાવનાબેન વ્યાસ, મહામંત્રી શીતલબેન તન્ના, મંત્રી સુનીતાબેન સેવક, કોષાધ્યક્ષ સોનલબેન પનારા તેમજ વોર્ડ નંબર ૫, ૭ અને ૧૦ના કાર્યકર્તા બહેનો મીનાબેન મહેતા, હીનાબેન જેતપરિયા, કિરણબેન રાણીંગા, સંગીતાબેન કાચા, આઈટી સેલના સાક્ષીબેન જેતપરિયા ઉપસ્થિત રહ્યા હતા.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે અખિલ ભારતીય શિક્ષા સપ્તાહ ઉજવણી

જૂનાગઢ, તા.૨૩

સરકાર દ્વારા અમલમાં મુકાયેલ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ (એનઈપી-૨૦૨૦)ના ચાર વર્ષ પૂર્ણ થવાના અવસરે તા.૨૨-૭-૨૦૨૪ થી તા.૨૮-૭-૨૦૨૪ સુધી સમગ્ર દેશમાં શિક્ષા સપ્તાહ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. નવી શિક્ષણ નીતિમાં રાષ્ટ્રને શક્તિશાળી બનાવવા, વિકાસની નવી ઊંચાઈઓ સર કરવા અને નાગરિકોને સશકત બનાવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ૨૧માં સદીમાં આપણાં યુવાનો અને વિદ્યાર્થીઓને કેવા શિક્ષણની જરૂર છે અને તે માટે કેવા કૌશલ્યો હોવા જોઈએ તે વિષય ઉપર વધારે ધ્યાન આપવામાં આવ્યું છે. નવી શિક્ષણ નીતિમાં રજૂ કરાયેલ પ્રભાવશાળી શૈક્ષણિક સુધારાઓને પ્રોત્સાહન આપવા અને વિદ્યાર્થીઓના સશક્તિકરણ માટે શિક્ષા સપ્તાહ ઉજવણી અંતર્ગત દૈનિક ધોરણે વિવિધ પ્રવૃતિઓ શાળા કક્ષાએ યોજવામાં આવી રહી છે. માતૃ એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે શિક્ષા સપ્તાહના પ્રથમ દિવસે તા.૨૨-૭-૨૦૨૪ને સોમવારના રોજ યોજાયેલ "ટીચિંગ લર્નિંગ મટીરિયલ" ની વિવિધ ક્રિયાત્મક પ્રવૃતિઓમાં બહોળી સંખ્યામાં શાળાની વિદ્યાર્થિનીઓએ જુદાં-જુદાં વિષયો ઉપર ટીએલએમ રજૂ કર્યા હતાં.



શાળાના શિક્ષિકા રિદ્ધિબેન કાપડીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ શ્રેષ્ઠ પ્રોજેકટ અને મોડેલ આધારિત પોતાના બૌધિક વિચારો રજૂ કરનાર વિદ્યાર્થીનીઓ કુ.વસાણી પ્રોમિસા સંજયભાઈ, ગોરફાડ દિશીતા કે. અને પરમાર નંદનીબા પ્રદ્યુમનસિંહને પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ તકે શાળાના પ્રિન્સિપાલ સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુપરવાઈઝરો સુશ્રી પ્રભાએન બુટાણી અને સુશ્રી અલ્પાબેન ડાંગરે ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને બિરદાવી હતી.

શાળામાં આવી ઉમદા પ્રવૃતિઓનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા સાહેબ, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સાહેબ સહિત ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### ચોમાસુ ઋતુ દરમ્યાન

# ખેડૂતોએ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ધ્યાને રાખવાની બાબતો

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ જિલ્લાના તમામ ખેડૂતોને ચોમાસુ ઋતુ માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે કેટલીક બાબતો ધ્યાને રાખી કાળજી લેવાની રહે છે. છેતરપીંડીથી બચી શકાય તે માટે અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરવાનો આગ્રહ રાખવો. લાયસન્સ-પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરિયાઓ પાસેથી કોઈપણ સંજોગોમાં ખેતી માટે જરુરી વિવિધ ઈનપુટસની ખરીદી કરવી નહી.

બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટસનું નામ, લોટ નંબર વગેરે વિગત દર્શાવતું સહી સાથેનું બિલ અવશ્ય લેવું. મુદત પૂરી થઈ હોય તેવા ઈનપુટસની ખરીદી કરવી નહિ. વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.

નિંદામણને કારણે પાક પર થતી માઠી અસર નિવારવા પાકને નિંદામણ મુક્ત રાખવો. અનઅધિકૃત્ત અથવા ભળતા નામના અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવે તો સંબંધિત ખેતીવાડી અધિકારીશ્રી અથવા જિલ્લા નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)ને તાત્કાલિક જાણ કરવી.

ખરીડેલા બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓના ઉપયોગને લીધે ઉભા પાકમાં કોઈ ફરિયાદ જણાય તો આવી ફરિયાદના નિવારણ અર્થે સરકારશ્રી દ્વારા જિલ્લા કક્ષાની ઉભા પાકની ફરિયાદને લગતી કમિટિની રચના કરવામાં આવી છે. જેના અધ્યક્ષ જે-તે જિલ્લા ખેતીવાડી અધિકારી તથા સભ્ય તરીકે જે-તે જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) તથા કૃષિ યુનિવર્સીટીના કૃષિ નિષ્ણાંતોનો સમાવેશ થાય છે. ઉભા પાકની ફરિયાદ માટે અરજદાર દ્વારા સબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને ફરિયાદ કરવી. ફરિયાદના આધારે ઉભા પાકની કમીટી દ્વારા સ્થળની મુલાકાત લેવામાં આવશે. જે-તે હકીકત હોય તે મુજબ નુકશાનીના અંદાજ સાથે ખેડૂતને અહેવાલ આપવામાં આવે છે. જે ખેડૂતોને કાયદાકીય કાર્યવાહીમાં મદદરુપ થાય છે, તેમ જૂનાગઢ જિલ્લા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ તરીકે જોડાવાની તક

## DLSA દ્વારા સંચાલિત કચેરીમાં ડેપ્યુટી લીગલ એઈડ કાઉન્સીલને એમ્પેનલ કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

સુપ્રીમ કોર્ટ અને રાજય કાનૂની સેવા સત્તા મંડળના નિર્દેશ અનુસાર ખંભાળિયા સ્થિત દેવભૂમિ દ્વારકા જિલ્લા ન્યાયાલય ખાતે લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સીલની સ્થાપના કરવામાં આવી છે. જે વકીલો દ્વારા ડિફેન્સ તરીકે કેસો લડવામાં આવતા હોય છે. હાલમાં ખંભાળીયા ખાતે કાર્યરત એલ.એ.ડી.સી. કચેરીમાં બે ડેપ્યુટી લીગલ એઈડ કાઉન્સીલની જગ્યા હોય, તેમની નિમણૂક કરવા અંગેની યાદી બહાર પાડવામાં આવી છે. જે અન્વયે ઈચ્છુક વકીલોએ આ જાહેરાત માટેની ગાઈડ લાઈનનો પૂર્ણ અભ્યાસ કરી, પોસ્ટની લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૨૫ જુલાઈ સુધીમાં ડી.એક.એસ.એ. કચેરીમાં નિયત કરેલા અરજી ફોર્મમાં વિગતવાર માહિતી ભરી, જમા કરાવવાનું રહેશે. લીગલ એઈડ ડિફેન્સ કાઉન કાઉન્સેલએ માત્રને માત્ર ક્રિમિનલ કેસો મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલતા કેસોથી લઈને સેશન્સ ટ્રાયેબલ કેસો ચલાવવા તેમજ જામીન અરજી, રિમાન્ડ અરજી જેવા તમામ પ્રકારના ક્રિમિનલ અરજીઓને લગતા કાર્યો આરોપી પક્ષે ચલાવવાના રહેશે. ઉપરાંત ડી.એલ.એસ.એ. કચેરી દ્વારા લીગલ અવેરનેસ અને આઉટરીચ એક્ટિવિટીમાં સહભાગી થવાનું રહેશે. એલ.એ.ડી.સી.માં જ્યાં સુધી હોદ્દો ધરાવે, ત્યાં સુધી ખાનગી વકીલાત બંધ રાખવાની રહેશે. ડેપ્યુટી ચીફ લીગલ એડ ડિફેન્સ કાઉન્સેલની જગ્યા ભરતી અન્વયે ૨૦ સેશન્સ કેસો ચલાવેલા હોવા જોઈએ અને વકીલાત તરીકેનો ઓછામાં ઓછો સાત વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. તે ઉપરાંત વકીલનો ભૂતકાળમાં લીગલ એઈડ ક્ષેત્રની અવેરનેશ અને આઉટરીચ એક્ટિવિટી વિગેરેનો અનુભવ ધ્યાને લેવામાં આવશે. આ એમ્પેનલમેન્ટ તદ્દન હંગામી ધોરણે કરવામાં આવનાર છે. પર્ફોર્મન્સ અને ગુણવત્તા આધારે નિયમ અનુસાર એકસટેન્શન આપવામાં આવશે. તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સચિવની એક યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયામાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂ વંદના કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ કાર્યકરો દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ખંભાળિયા શહેર ભાજપ દ્વારા રવિવારે ગુરૂપૂર્ણિમાના આ પાવન પર્વ નિમિત્તે અહીંના અતી પ્રાચીન શ્રી ફુલેલીયા હનુમાનજી મંદિર ખાતે મહંત ભરતદાસબાપુને સાલ ઓઢાડી, ફૂલહાર કરી, મીઠું મોં કરાવીને આશીર્વાદ લીધા હતા. જેમાં શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, પિયુષભાઈ કણજારીયા, નગરપાલિકાના મોહિતભાઈ મોટાણી, ભીખુભા જેઠવા, રાણાભાઈ ગઢવી, લાલજીભાઈ ભુવા, અશોકભાઈ કાનાણી, હસમુખભાઈ ધોળકિયા, મિલનભાઈ વારીયા, પ્રવિણસિંહ કંચવા ઘનશ્યામસિંહ વાઢેર, મનીષભાઈ નકુમ વિગેરે આગેવાનો - કાર્યકરોએ ઉપસ્થીત રહી, ગુરૂ વંદના કરી હતી.

# ભાણવડની શૈક્ષણિક સંસ્થાને રાજ્યમાં શ્રેષ્ઠ વિદ્યાનિકેતન એવોર્ડ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભાણવડ સ્થિત સંસ્થા તપોવન વિશ્વ વિદ્યાલય - ઘુમલીને સમગ્ર ગુજરાતમાંથી શ્રેષ્ઠ વિદ્યાનિકેતન એવોર્ડ રમેશભાઈ ઓઝા દ્વારા શનિવારે સાંદિપની ગુરૂ ગૌરવ એવોર્ડ આપવામાં આવ્યો હતો. જેને ભાણવડ સાથે સમગ્ર દેવભૂમિ દ્વારકા માટે ગૌરવરૂપ ગણી શકાય. ગુરુપૂર્ણિમાના રોજ દર વર્ષે દરેક જિલ્લામાંથી શ્રેષ્ઠ શિક્ષક અને સમગ્ર ગુજરાતમાંથી શ્રેષ્ઠ વિદ્યાનિકેતનની પસંદગી શિક્ષણ વિભાગની સમિતિ દ્વારા નક્કી કરવામાં આવતી હોય છે. જેમાં એન.સી.આર.ટી.ના નિયામક ટી.એસ. જોષી, શિક્ષણ વિભાગમાંથી અરજણભાઈ કાંગડ, શિક્ષણ વિભાગના પૂર્વ નિયામક નવીનભાઈ પંડિત, શિક્ષણ જગતના શિક્ષણવિદ્ ગિજુભાઈ ભરાડ, પાર્થસ પંડ્યા, રાકેશભાઈ પટેલ વિગેરે તજજ્ઞો દ્વારા જરૂરી મૂલ્યાંકન કરી, ગુરુપૂર્ણિમાના દિવસે ગુરૂ ગૌરવ એવોર્ડ અને શ્રેષ્ઠ વિદ્યાનિકેતન એવોર્ડથી સન્માનિત કરવામાં આવતા હોય છે. આ એવોર્ડ સમારોહમાં નરસિંહ મહેતા યુનિવર્સિટી અને સોમનાથ યુનિવર્સિટીના કુલપતિઓ, ઈતિહાસવિદ્ નરોત્તમ પલાણ, સાંસદ રામભાઈ મોકરીયા, પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા સાથે સમગ્ર જિલ્લામાંથી શ્રેષ્ઠ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયાના અગ્રણીની જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિમાં નિમણૂંક

## ગ્રાહક સુરક્ષાના દિલીપસિંહ ચાવડાને વધુ એક જવાબદારી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ ૨૦૨૪ની નવી રચના થતા આ સમિતિમાં ખંભાળિયા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ અને ધમાકા સાપ્તાહિકના તંત્રી દિલીપસિંહ ચાવડાનો આ સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલીપસિંહ ચાવડા ઘણા વર્ષોથી ગ્રાહક સુરક્ષા મંડળની કામગીરી સુપેરે કરી રહ્યા છે. આ વરણી થતા હવે ગ્રાહકોના પ્રશ્નોને વધુ વેગ મળી શકશે.

### ખંભાળિયાની હરીપર શાળામાં

# "એક બાળ, એક ઝાડ" ઝુંબેશને આવકાર




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા તાલુકાના હરીપર ગામે આવેલી શ્રી હરીપર તાલુકા શાળા ખાતે તાજેતરમાં "એક બાળ, એક ઝાડ" કાર્યક્રમ અંતર્ગત હરીપર તાલુકા શાળા આયોજિત અને જયાબેન કુમનદાસ અમલાણી ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈના ટ્રસ્ટી સપનાબેન કાનાણી પ્રાયોજિત ૧૬૧ તુલસીજી વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મધુબેન ભટ્ટના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના દરેક બાળકો, આમંત્રિત મહેમાનો અને શાળા પરિવારના તમામ સભ્યોને તુલસીજીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કનુભાઈ નંદાણીયા,બી.આર.સી. કો-ઓ. પંકજભાઈ રાણા,સી.આર.સી. કો-ઓ.ભીમસીભાઈ ગોજીયા તેમજ શાળાના સ્થાપક વડિલ નેમચંદભાઈ મારુ, સરપંચ ગોગનભાઈ બાંભવા, હમીરભાઈ ડાંગર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ દ્વારા બાળકોને પ્રાસંગિક પ્રવચન તેમજ શિક્ષણ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તુલસીજી એક ઔષધીય વનસ્પતિ છે તેમજ તેના ગુણોની ચર્ચા બાળકો સાથે કરી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કનુભાઈ નંદાણીયા દ્વારા આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. ખંભાળિયામાં અવિરત વરસાદ વરસતો હોવા છતાં પણ આ કાર્યક્રમમાં જોડાઈને શિક્ષણ વિભાગના અધિકારીઓએ બાળકને પ્રેરણા પુરી પાડી હતી. શાળાના આચાર્ય છગનભાઈ પરમાર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકો દિપેનભાઈ, રાજુભાઈ, શત્રુધ્નભાઈ, કાળુભાઈ, પૂર્ણાબા તેમજ સપનાબેન દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક બાળક તુલસીના છોડ સાથેના કુંડા મેળવીને ખૂબ જ ખુશ જોવા મળ્યા હતા.

બાળકો પર્યાવરણનું જતન કરે, જાળવણી કરે અને તેનું મહત્વ સમજે તે માટે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાબેન કુમનદાસ અમલાણી ચેરીટેબલ ટ્રસ્ટના ચેરપર્સન પ્રીતિબેન દોશી અને મેનેજિંગ ટ્રસ્ટી ડો. દિલીપભાઈ અમલાણી દ્વારા સર્વેને પ્રેરણાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો.

પરસોત્તમ રૂપાલા (મેમ્બર ઓફ પાર્લામેન્ટ)ની વિશેષ ઉપસ્થિતિમાં

# G-Crankzએ ગુજરાતમાં અમદાવાદ ખાતે નવી ઓફિસ શરૂ કરીને પોતાની કામગીરીનું વિસ્તરણ કર્યું




(મોહંમદ રફીક શેખ દ્વારા) અમદાવાદ

G-Crankzએ હાઈ-પરફોર્મન્સ એન્જિન ઓઈલ ઉદ્યોગમાં ઝડપથી ઉભરતી બ્રાન્ડ છે. શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતા સાથે કંપનીએ પોતાની યાત્રા શરૂ કરી હતી અને ડિસેમ્બર ૨૦૨૨માં તેમણે બ્રાન્ડ લોન્ચ કરી ત્યારથી આજ સુધીમાં બ્રાન્ડે નોંધપાત્ર પ્રગતિ કરી છે. G-Crankzના સ્થાપક અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જયદિપસિંહ ગોહિલના દૂરંદેશી નેતૃત્વ હેઠળ અને ડાયરેક્ટર શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ અને પ્રિતેશ શાહના સમર્થનથી, G-Crankzએ ગુજરાત,બિહાર અને ઝારખંડમાં તેની પહોંચનો વિસ્તાર કર્યો છે. વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં ભારતના ટોચના દસ લ્યુબ્રિકેશન ઓઈલ માર્કેટમાં બ્રાન્ડની કામગીરીને વિસ્તારવાની મહત્વાકાંક્ષી યોજનાઓ ધરાવે છે.આ સાથે મીરાઈરડા અન મુઝઝી પટેલ પર્ફોર્મસ એમ્બેસેડર તરીકે જોડાયા છે. ૨૦ જૂલાઈ, ૨૦૨૪- શનિવારના રોજ G-Crankzની નવી ઓફિસના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી પરસોત્તમ રૂપાલા (મેમ્બર ઓફ પાર્લામેન્ટ)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

G-Crankzએ ગુજરાતમાં અમદાવાદ ખાતે નવી ઓફિસ શરૂ કરીને પોતાની કામગીરીનું વિસ્તરણ કરે છે. ગુજરાતમાં શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવા માટે હેડ ઓફિસ અંધેરી ઈસ્ટ, મુંબઈથી અમદાવાદમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. સમગ્ર ભારત માટેના તમામ કામો અમદાવાદ હેડ ઓફિસથી જ ઓપરેટ કરવામાં આવશે. આ સાથે જ, બ્રાન્ડ તેમના તમામ સ્ટેટ હેડને પણ અમદાવાદમાં જ ટ્રાન્સફર કરશે અને અહીંયા જ તેમના રહેવા માટેની સુવિધા પણ આપવામાં આવશે, જેના થકી અમદાવાદમાં રોજગારીની મહત્તમ તકો ઉભી કરવામાં આવશે.


ઉલ્લેખનીય છે કે, G-Crankz દર વર્ષે એક નવી પ્રોડક્ટ લઈને આવે છે. યુએસ બેઝ્ડ કંપની લુકાસ સાથે પણ કોલાબોરેશન કર્યું છે, જે આ કંપની સાથે ભારતનું સૌપ્રથમ કોલાબોરેશન છે. 'મેક ઈન ઈન્ડિયા' પર ફોકસ કરતા લુકાસ બ્રાન્ડ જોડે અહીંયા લ્યુબ્રિકેન્ટ્સ ઉપરાંત અન્ય પ્રોડક્ટ્સ પણ બનાવશે, જે G-Crankz નામ પર જ પ્રિન્ટ થશે. G-Crankzના સ્થાપક અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જયદિપસિંહ ગોહિલે "ભારતના રસ્તાઓ પરના દરેક વાહનના વિશ્વસનીય સાથીદાર બનવાનું અમારું વિઝન છે. અમે કાર્યક્ષમતામાં વધારો કરવા, એન્જિનની લાઈફ વધુ લાંબી કરવા તેમજ વધુ હરિત, વધુ કાર્યક્ષમ ઓટોમોટિવ લેન્ડસ્કેપમાં યોગદાન આપવા માટે અમારો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છીએ. સતત નવીનીકરણ અને ઉત્તમ ગુણવત્તા થકી અમે ડ્રાઈવરો અને મિકેનિકોની પ્રથમ પસંદ બનવા માંગીએ છીએ.

અમે એન્જિનને બહેતર લ્યુબ્રિકેશન અને પ્રોટેક્શન દ્વારા મુસાફરીને સરળ બનાવવા અને મહત્તમ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે સમર્પિત છીએ. વધુમાં, અમે અમારી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) દ્વારા મિકેનિકો અને વેહિકલ સર્વિસ પ્રોફેશનલ્સના ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ."

"વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની "મેક ઈન ઈન્ડિયા" પહેલને અનુરૂપ, દેશમાં એક મજબૂત ઓટોમોટિવ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાની અમારી પ્રતિબદ્ધતા છે. ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો સ્પર્ધાત્મક ભાવે પ્રદાન કરીને, અમે સુનિશ્ચિત કરીએ છીએ કે અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ મૂલ્ય મળે."- ,વધુમાં તેમણે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, G-Crankzની આ નવી હેડ ઓફિસ આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને અનુરૂપ, ગુજરાતમાં ઓટોમોબાઈલ ઈકોસિસ્ટમમાં નોંધપાત્ર વધારો કરશે. ગુજરાત અને ભારતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં યોગદાન આપવાનો પણ કંપનીનો પ્રયાસ છે.

G-Crankz જેવી પ્રતિષ્ઠિત જર્મન કંપનીઓ સાથે G-Crankzની વ્યૂહાત્મક ભાગીદારી એ સુનિશ્ચિત કરે છે કે તેઓ ઉચ્ચ ગુણવત્તાના ધોરણોનું પાલન કરે છે અને તેમના ઉત્પાદનોમાં અદ્યતન ટેકનોલોજીનો સમાવેશ કરે છે. કંપનીનું ભવિષ્યનું લક્ષ્ય છે, ભારતની ટોચની પાંચ લ્યુબ ઓઈલ બ્રાન્ડ્સમાં સૂચિબદ્ધ થવું, એક મજબૂત વિતરણ નેટવર્કની સ્થાપના કરવી અને દેશભરમાં ૫૦,૦૦૦થી વધુ આઉટલેટ્સ પર G-Crankz ઉત્પાદનો ઉપલબ્ધ કરવા. G-Crankz દ્રઢપણે માને છે કે શ્રેષ્ઠ ઉત્પાદનો શ્રેષ્ઠ બ્રાન્ડ બનાવે છે, જેને પ્રદાન કરવા માટે તેઓ સમર્પિત છે. ભારતને આગળ વધારવા માટે કંપનીનો મંત્ર છે, 'શ્રેષ્ઠ એન્જિન ઓઈલ, એક સમયે એક એન્જિન'.

# શ્રીજી દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ બાળકોને સોમનાથ મહાદેવના દર્શન કરાવાયા





જૂનાગઢ તા.૨૩

શ્રીજી દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ સમઢીયાળા ગીર સંચાલિત અતિ ગંભીર દિવ્યાંગો માટેની સંસ્થા મેંદરડામાં ગંગેડી ખાતે કાર્યરત છે આ સંસ્થામાં ૨૧ જેટલા દિવ્યાંગો આશરો લઈ ગયેલ છે આ દિવ્યાંગો એવા છે કે જેમને પોતાની દૈનિક ક્રિયાઓ નું પણ ભાન નથી પાણી ખોરાક સોસ ક્રિયા વગેરે માટે બીજા પર આધાર રાખવો પડે છે.

પ્રાકૃતિક અને નયન રમ્ય વાતાવરણમાં આ સંસ્થામાં આ દિવ્યાંગ બાળકોનો ખૂબ જ સ્વસ્થતાપૂર્વક માવજત કરવામાં આવે છે.

સંસ્થામાં રમતગમત વ્યાયામ વગેરે દરરોજ કરાવવામાં આવે છે અને ૧૫ દિવસે આ દિવ્યાંગ બાળકોને પ્રવાસમાં લઈ જવામાં આવે છે દર વર્ષે વેરાવળમાં સોમનાથ મહાદેવના મંદિરે આ દિવ્યાંગોને દર્શન કરવા માટે લઈ જવાય છે તાજેતરમાં આ સંસ્થા માંથી આ બાળકોને દિવ્યાંગોના દેવ મહાદેવ સોમનાથ મહાદેવના દર્શન કરવા લઈ જવામાં આવ્યા હતા સોમનાથ ટ્રસ્ટ વતી આ દિવ્યાંગોને સારી એવી સગવડતા કરી દેવામાં આવી હતી દિવ્યાંગોને મંદિર સુધી લઈ જવા માટે વાહનની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી અને આ દિવ્યાંગ બાળકોને મંદિરમાં જવા માટે લિફ્ટ માં લઈ જવામાં આવ્યા હતા. આવી રીતે આ દિવ્યાંગ બાળકોને વીઆઈપી દર્શન કરાવ્યા હતા દેવ સ્વરૂપ આ બાળકો આવા વાતાવરણથી ખૂબ જ આહલાદકતા અનુભવતા હતા.

આ તકે સંસ્થાના સંચાલક શ્રી કૌશિકભાઈ જોશી એ સોમનાથ ટ્રસ્ટ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો અને સંસ્થાના બાળકોને આવો જ પ્રેમ અને હુંફ મળી રહે તેવી હૃદય પૂર્વકની લાગણી વ્યક્ત કરી હતી તેમની યાદીમાં આ પ્રમાણે જણાવવામાં આવેલ છે.

# કલ્યાણપુરમાં એક દિવસમાં ૧૨ ઈંચ વરસાદ બાદ મેઘરાજાએ પોરો ખાધો

## જનજીવન અસ્તવ્યસ્તઃ લાંબા, પાનેલીમાં એનડીઆરએફની ટીમનું ઓપરેશન




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિ ભારે કરી શકાય તેવો વરસાદ કલ્યાણપુર તાલુકામાં ખાબક્યો હતો. જેમાં સોમવારે સવારે ૮ થી ૧૨ વાગ્યા દરમ્યાન અનરાધાર ૧૧ ઈંચ વરસાદ ખાબકતા કેટલાક સ્થળોએ પરિસ્થિતિ નાજુક બની રહી હતી. અનેક ગ્રામ્ય વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે. ભારે વરસાદના પગલે દ્વારકા-સોમનાથ હાઈવે બંધ થઈ જવા પામ્યો હતો. છેલ્લા બે દિવસ દરમિયાન જિલ્લામાં દ્વારકા બાદ કલ્યાણપુર તાલુકામાં સૌથી વધુ વરસાદ વરસી રહ્યો છે. આજે વહેલી સવારે ત્રણ મીલીમીટર બાદ સવારના આશરે નવેક વાગ્યાના સમયથી વરસાદે વેગ પકડ્યો હતો અને સાંબેલાધારે વરસાદ વરસતા બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૧ ઈંચ પાણી પડી ગયું હતું. તાલુકાના લાંબા, ભોગાત, ટંકારીયા પાનેલી કેનેડી, વિગેરે ગામોમાં પણ સાર્વત્રિક ધોધમાર વરસાદ વરસી જતા અનેક ખેતરોનું ધોવાણ થયું હતું. ભારે વરસાદના પગલે જિલ્લા પ્રશાસન દ્વારા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી હતી. આ માટે કલ્યાણપુર તાલુકામાં ખાસ આવેલી એનડીઆરએફની ટીમના જવાનોએ મોરચો સંભાળી અને બચાવ રાહત કાર્ય હાથ ધર્યું હતું. ભારે વરસાદના પગલે અનેક ખેતરોનું ધોવાણ થયું હતું. નિંચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા હતા. હાલ જિલ્લામાં સૌથી વધુ વરસાદ કલ્યાણપુર તાલુકામાં ૪૮ ઈંચ પડી ચૂક્યો છે. કલ્યાણપુર તાલુકાનું રાવલ ગામ બેટમાં ફેરવાઈ ગયું છે. આ ઉપરાંત ભારે વરસાદના પગલે દ્વારકા સોમનાથ નેશનલ હાઈવે પાણી ભરાઈ જવાના કારણે બંધ થઈ ગયો છે. ભારે વરસાદના પગલે કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામે ચાર વ્યક્તિ અને ટંકારીયા ગામે ચાર વ્યક્તિને તંત્ર દ્વારા રેસ્ક્યુ મારફતે બચાવી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાનેલી ગામે ભયાવહ પાણીમાં ફસાઈ ગયેલા ત્રણ ગ્રામજનોને જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્ર તેમજ ફાયર વિભાગ દ્વારા એરફોર્સની મદદ લઈને હેલિકોપ્ટર મારફતે રેસ્ક્યુ ઓપરેશન કરી અને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. પાનેલી ગામે ત્રણેય રેસ્કયુ કરવામાં આવેલા લોકોને તેમના પરિવારને સોંપી આપવામાં આવ્યા હતા તથા એર ફોર્સ ખાતે પ્રાથમિક કરવામાં આવી હતી. કલ્યાણપુર પંથકમાં વરસાદની વિકટ પરિસ્થિતિમાં એન.ડી.આર.એફ.ની ટીમને પણ એરફોર્સની સેવા અનિવાર્ય બની હતી. દ્વારકાના પ્રાંત અધિકારી હિતેશ ભગોરા, કલ્યાણપુરના મામલતદાર રામભાઈ સુવા, નાયબ મામલતદાર તેમજ કલ્યાણપુરના પી.એસ.આઈ.ની ટીમ દ્વારા સ્થળ પર પહોંચીને ફસાયેલા ગ્રામજનો માટે જરૂરી માર્ગદર્શન આપી, સઘન કામગીરી કરવામાં આવી હતી. ભારે વરસાદના પગલે અનેક ગામો બેટમાં ફેરવાઈ ગયા હતા જેને પગલે સ્થાનિક મામલતદારની ટીમ દ્વારા સ્થળ ઉપર જઈ અને જરૂરી કામગીરી કરવામાં આવી હતી. કલ્યાણપુર તાલુકાના હરીપર ગામે રહેતા એક સગર્ભાને દુખાવો ઉપડતા જેસીબી મશીન મારફતે આરોગ્ય સ્ટાફને આ સ્થળે પહોંચાડી તેને જરૂરી સારવાર આપવામાં આવી હતી. કલ્યાણપુરમાં સોમવારે સવારથી બપોર સુધીમાં થોડો સમય અતિવૃષ્ટિ જેવી સર્જાયેલી પરિસ્થિતિ માટે તંત્રએ અવીરત રીતે કામગીરી કરી, આ પરિસ્થિતિમાં સાવચેત રહેવા જિલ્લા કલેક્ટર પંડ્યા તેમજ હાલારના સાંસદ પૂનમબેન માડમ દ્વારા નાગરિકોને નદી-નાળાથી દૂર રહેવા તેમજ ભારે વરસાદ સંદર્ભે જરૂરી સાવચેતી કેળવવા માટે અપીલ કરી હતી. ગઈકાલે સાંજથી મેઘરાજાએ પોરો ખાધો હોય તેમ વરસાદી બ્રેક રહી હતી અને ગત સાંજથી આજે સવાર સુધીમાં ધીમીધારે અડધો ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

# પરિવારથી જુદા પડી ગયેલ બાળકોને પરિવાર સાથે મીલન કરાવતી વેરાવળ સીટી પોલીસ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૩

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા વિભાગીય પોલીસ અધિક્ષક વી.આર.ખેંગારનાઓ દ્વારા ગુમ/અપહરણ કે પરિવારથી વિખુટા પડી ગયેલ બાળકોને શોધી કાઢી પરિવાર સાથે મીલન કરાવવા સુચના કરવામાં આવેલ હોય તે અનુસંધાને વેરાવળ સીટી પો.સ્ટે.ના પી.એસ.ઓ. કંચનબેન વજુભાઈનાઓ ફરજ ઉપર હાજર હોય આ દરમ્યાન એક જાગૃત નાગરીક હાર્દીકભાઈ અશોકભાઈ રૂપારેલીયા રહે.વેરાવળ વાળા બે બાળકોને લઈ આવી પોલીસ સ્ટેશન ખાતે લાવેલ અને જણાવેલ કે, આ બંને બાળકો ફ્યુલ પોઈન્ટ નામના પેટ્રોલ પંપ પાસે વાલી વારસ વગરના મળી આવેલ છે જેથી પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ સોંપી ગયેલ જેથી આ અંગે પી.એસ.ઓ.એ તાત્કાલીક પોલીસ ઈન્સપેકટર એચ.આર.ગોસ્વામી નાઓને વાત કરેલ કે, બે બાળકો તેમના માતા-પીતાથી જુદા પડી ગયેલ હોય અને તેમને એક જાગૃત નાગરીક પોલીસ સ્ટેશન ખાતે સોંપી ગયેલ છે. આમ વાત કરતા પોલીસ ઈન્સ.એ આ અંગે પી.સી.આર. ઈન્ચાર્જને તથા ગાંધી ચોક પોલીસ ચોકીના સ્ટાફને તાત્કાલીક જાણ કરી મળી આવેલ બાળકોના વાલી વારસ શોધી કાઢવાનુ જણાવેલ જેથી વેરાવળ સીટી પોલીસ સ્ટાફે સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરી હ્યુમન સોર્સીશથી હકિકત મેળવી મળી આવેલ બાળકોના માતા પીતાને શોધી કાઢી તેની પુછપરછ કરતા બાળકના પીતા-ગણેશભાઈ દિલીપભાઈ પાડવી તથા માતા રાધાબેન વા/ઓ ગણેશભાઈ પાડવી રહે.કીડીવાવ વાડી વિસ્તાર તા.વેરાવળ મુળ રહે.મહારાષ્ટ્ર, નંદુબાર વાળાઓ તેમના બંને બાળકો સાથે વેરાવળ ખાતે ખરીદી કરવા આવેલ હોય આ દરમ્યાન તેમના બાળકો તેનાથી જુદા પડી ગયેલ હોવાની હકિકત જણાવેલ જેથી બંને બાળકોને તેમના પરિવાર સાથે મીલન કરાવેલ છે. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.ગોસ્વામી તથા એ.એસ.આઈ. કંચનબેન વજુભાઈ તથા પો.હેડ કોન્સ. કલ્પેશભાઈ હમીરભાઈ તથા અજીતભાઈ ધીરૂભાઈ તથા પો.કોન્સ. ઈન્દ્રરાજસિંહ ધીરસિંહજી તથા રાજદીપસિંહ ઘનશ્યામસિંહ તથા કુલદિપસિંહ મેરામણભાઈનાઓ જોડાયેલ હતા.

# પાનેલીમાં ફસાયેલા ત્રણ ગ્રામજનોના સફળ રેસ્ક્યુ બાદ તંત્ર દ્વારા સારવાર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

કલ્યાણપુર તાલુકામાં સોમવારે સવારે ખાબકેલા ૧૧ ઈંચ વરસાદના કારણે પાનેલી ગામે રહેતા નેભાભાઈ દેવશીભાઈ પોપાણીયા, દેવરખીભાઈ હમીરભાઈ પોપાણીયા અને કેશુરભાઈ સામતભાઈ નંદાણીયા તેમના ખેતરેથી પરત આવતી વખતે ધસમસતા પાણીના પ્રવાહમાં ફસાઈ છતાં એક સ્થળે આશરો લીધો હતો. જેને હેલિકોપ્ટરની મદદથી તંત્ર દ્વારા રેસ્ક્યુ કરીને બચાવી લેવામાં આવ્યા હતા. આ ત્રણેય વ્યક્તિઓને ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ કલેકટરની સૂચના મુજબ તમામને સાલ ઓઢાડી, અને સલામત રીતે તેમના ઘરે પરત પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ગૌરક્ષા માટે ખંભાળિયાની સેવા સંસ્થાઓ મેદાનમાંઃ સરકાર દ્વારા સહાયમાં વધારો કરવા લેખિત રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

સમગ્ર રાજ્યમાં ગૌવંશના નિભાવ માટે સરકાર દ્વારા મહત્વના પગલાં લઈ અને ગૌ-સેવકોને અપાતી સહાયમાં વધારો કરવા માટેની સાર્વત્રિક માંગ ઉઠી રહી છે. જે સાથે ખંભાળિયાના ગૌસેવકોએ પણ તંત્રને સવિસ્તૃત લેખિત પત્ર પાઠવી હાલ અપાતી સબસીડી ૩૦ થી વધાવીને ૧૦૦ રૂપિયા કરવાની માંગ કરી છે. ગૌવંશને બચાવવા માટે સરકાર દ્વારા હકારાત્મક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. ત્યારે હાલની મોંઘવારીની પરિસ્થિતિમાં પશુ નિભાવ ખર્ચ પણ દિવસે દિવસે વધી રહ્યો છે. સરકાર દ્વારા પશુ નિભાવ અપાતી સબસીડી રૂ. ૩૦ ખૂબ જ અપૂરતી હોય, પશુપાલકો તેમજ સેવા સંસ્થાઓ માટે હાલની પરિસ્થિતિ ખૂબ જ કપરી બની રહી છે. વર્ષ ૨૦૧૮માં સરકારના એનિમલ વેલફેર બોર્ડની એડવાઈઝરીમાં પશુ દીઠ રૂ. ૨૦૦ મળે તે માટેનું નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે નીતિ આયોગના મુદ્દાઓને ધ્યાનમાં રાખી પશુ ગૌશાળા ચલાવવાનો ખર્ચ પણ મુકરર કરવામાં આવ્યો છે.

હાલ રાજ્યમાં અનેક ગૌશાળા તથા પાંજરાપોળ માટે પોતાની જમીન નથી. જેથી સંસ્થાના નામે જમીન ન હોવાથી પશુ સેવા માટે સરકારી સહાયથી વંચિત રહી જવાય છે. જમીન બાબતે સરકાર દ્વારા ચોક્કસ અને સ્પષ્ટ નીતિ નક્કી કરી અને ગાઈડલાઈન બહાર પાડવામાં આવે જેથી સહાયનો પ્રશ્નો હલ થાય તે માટેની લેખિત માંગ ખંભાળિયા ગૌસેવા સમિતિ દ્વારા અહીંના મામલતદારને કરવામાં આવી છે. સરકાર દ્વારા પકડવામાં આવતા ઢોરને ગૌશાળા તથા પાંજરાપોળમાં મોકલવામાં આવી રહ્યા છે. પરંતુ દરેકને સાચવવાની સગવડ તેમજ સુવિધા ન હોવાથી વ્યાપક મુશ્કેલીઓ થઈ રહી છે. હાલની પરિસ્થિતિમાં સરકાર દ્વારા ગૌસેવા માટે અપાતી સબસીડી રૂ. ૩૦ થી વધારીને ૧૦૦ કરવામાં આવે તો વિવિધ સંસ્થાઓ તેમજ ગૌસેવકોને રાહત બની રહે તે અંગેના વિગેરે મુદ્દે અહીંના શેઠ હરજીવનદાસ નરોત્તમદાસ પાંજરાપોળ, અબોલ તીર્થ વેટરનરી હોસ્પિટલ, એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી જય દ્વારકાધીશ ગૌશાળા, ગૌસેવા સમિતિ, જલારામ ગૌ સેવા ટ્રસ્ટ વીગેરે દ્વારા સંયુક્ત સહીઓ સાથેની માંગ કરવામાં આવી છે. પત્રની નકલ મુખ્ય મંત્રી, નાણામંત્રી, પશુપાલન મંત્રી, વિગેરેને પણ મોકલવામાં આવી છે.



# ખંભાળિયા : જિલ્લા પંચાયતમાં નવા વાહનની લોકાર્પણ વિધિ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત માટે નવા ખરીદ કરવામાં આવેલા વાહન ઈનોવા ક્રિસ્ટલનું અત્રે આગમન થતા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રિદ્ધિબા શક્તિસિંહ જાડેજાને જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી દ્વારા નવા વાહનની ચાવી આપીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# માણાવદર પંથકમાં ૧૪ ઈંચ વરસાદ ખાબકતા મેઘરાજાનું અતિ રૌદ્ર સ્વરૂપથી જળપ્રલય : સેંકડો ઘરોમાં પાણી ઘુસી ગયા

**શહેરમાં ૮ દિવસના બાળક-માતાનું રેસ્કયુ કરતા પીએસઆઈ બારોટ, અનેકને બહાર કાઢી સલામત સ્થળે ખસેડયા : બ્રહ્મ સમાજ તથા સતવારા સમાજમાં આશરો આપી ભોજન વ્યવસ્થા કરાય ગ્રામ્ય વિસ્તારનાં લીંબુડામાં ૧૪ ઈંચ, જીંજરી, થાનિયાણા, સરદારગઢમાં ૧૨થી ૧૫ ઈંચ, જાંબુડા, રોણકી, સણોસરામાં ૧૨ ઈંચ, અનેક ગામો સંપર્ક વિહોણા**






(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા.૨૩

માણાવદર શહેર તથા પંથકમાં ખાસ કરીને ઉત્તર તરફના ગામડામાં મેઘરાજાના અતિ રૌદ્ર સ્વરૂપથી મેઘરાજાના અતિ રૌદ્ર સ્વરૂપ વહેલી સવારના લોકો મીઠી ઉઘ માણી રહ્યા હતા ત્યારે શરૂ થઈ જોત જોતામાં ૧૪થી ૧૫ ઈંચ વરસાદે ખેદાન-મેદાન કરી ચુકયા હતા. બપોર સુધીમાં તો સ્થિતિ ગંભીર પેદા થઈ ચુકી હતી. શહેરના અનેક વિસ્તારો પુર અસરગ્રસ્ત થયા હતા. ગાયત્રી મંદિર તથા તેના નદી કાંઠાના વિસ્તારમાં પાણી ભરાતા તેથી તત્કાલ ૮ દિવસના બાળક અને માતાનું પીએસઆઈ બારોટ તથા ટીમ સાથે નગરજનો સેવાભાવિ યુવાનોએ કરી બહાર કાઢયા સાથે ફસાયેલા લોકોને સલામત સ્થળે કાઢવા પડયા હતા. આ લોકોને બ્રહ્મા સમાજમાં આશરો આપ્યો હતો. શહેરની જલારામ ટ્રસ્ટ, પીએસઆઈ, મામલતદાર વિગેરે દ્વારા ભોજન પુરૂ પાડવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. પીએસઆઈ બારોટ સહિત સ્ટાફે સેવાભાવી યુવાનો સાથે ૮થી ૧૦ લોકોનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું. તો હડમતાળી હનુમાન મંદિર તથા સ્વામીનારાયણ, ગાંધીચોકના કોઠારી મોહનસ્વામી દ્વારા ૧૦૦૦ ફુડ પેકેટ બનાવી સ્થાનિક તથા તાલુકામાં અસરગ્રસ્તોને પહોંચાડવા કામગીરી હાથ ધરી હતી. તેમજ અન્ય સેવાભાવી સંસ્થા કાર્ય કરશે. અચાનક એક સાથે પડેલા વરસાદથી સમગ્ર શહેર તથા પથંક અવાચક બની ગયું છે. જમીનો, ઘરવખરી સહિત અનેક વસ્તુઓ માલ બગડતા પરિસ્થિતિ ખરાબ થઈ છે. એવા લોકો છે કે જે હાથ લાંબો કરી શકે તેમ નથી તેવા લોકોની સ્થિતિ ખરાબ થઈ છે. શહેર ફરતે પાણી ભરાયા હતા. અનેકના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. હજી ગામડાનો સંપર્ક થઈ શકે તેવી સ્થિતિ નથી. કોઈ ગંભીર બનાવ બનવા પામ્યો નથી. શહેરમાં ઐતિહાસીક ઘટના બની છે કે રસાલા ડેમ ભયજનક કરીતે ૪ ફુટ ઉપર પાણી હતું તે ઉપરાંત રીવર ફ્રન્ટ ઉપર પુર પાણી ફરી વળતા સ્થિતિ ગંભીર બની હતી પરંતુ વરસાદ ધીમો પડી જતા વાંધો ના આવ્યો બાંટવા ખારા ડેમ સતત પાણી છોડયા કર્યુ તે ફાયદો થયો તો સરાડીયા રોડ ઉપર પાણી ફરી વળ્યા છે. એસટી રૂટો બંધ છે જૂનાગઢ માત્ર ચાલું છે.

## જૂનાગઢના ભક્તિધામમાં ભાતીગળ આયોજન સાથે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

ઝાંઝરડા રોડ સ્થિત જલારામ મંદિરમાં ગુરૂ પૂર્ણિમાનો ઉત્સવ વિશિષ્ઠ કાર્યક્રમો સાથે ઉજવવામાં આવ્યો હતો. સવારની મંગલા આરતી પછી મનોરથી ચાર્મીબેન અને નિલેશભાઈ સોઢા પરિવારે પૂ જલારામની ધજા ચઢાવી. સતત વરસાદ અને મંદિર સીટીથી દૂર છતાં મોટા પ્રમાણમાં ભક્તજનોની હાજરી રહી, તેના કારણમાં આ મંદિરમાં દર પુનમે ધજા ચઢાવવાની પ્રવૃત્તિના આદ્ય પ્રણેતા આ મનોરમથી પિતા ડો. હિંમતભાઈ સોઢા છે. તેમણે ખુબ જ પ્રચાર કરીને, શહેરના તમામ ઓળખિતાઓને પધારવા આગ્રહભર્યા આમંત્રણ આપતા રહ્યા, દુરના શહેરોના સગાંવહાલાંને ધજાના મનોરથી બનવા ભલામણ કરતા રહ્યા. પરિણામે ધજાની નોંધણી માત્ર ભારતના દુર દુરના શહેરોમાંથી નહીં પણ વિદેશોમાં પણ થવા લાગી, આજનો તારીખે ધજા નોંધનુ લિસ્ટ એટલું સમૃદ્ધ બન્યું છે કે મનોરથી આજે નોંધ કરાવે તો બે અઢી વર્ષે વારો આવે છે. ધ્વજારોહણ બાદ ગુરૂ પૂર્ણિમા નિમિત્તે સંતશ્રી હરિરામ બાપા છબીજી સમક્ષ અર્ચન -પુજન, આરતી અને પ્રસાદીની વહેંચણી થઈ મહિલા મંડળની બહેનો ધોળ, સંગીત અને ધૂનથી વાતાવરણને ભક્તિમય બનાવી દીધુ હતું.

સાંજના કાર્યક્રમોમાં મહા આરતી અને સમૂહ ભોજન પ્રસાદ આયોજિત હતા. પણ ભારે વરસાદને કારણે દેદિપ્યમાન આરતી કરી સંતોષ માનવો પડયો ભોજન પ્રસાદનો કાર્યક્રમ બંધ રહ્યો હતો.

## માળીયા હાટીના : મહિલાના ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપનાર સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) માળીયા હાટીના તા.૨૩

માળીયા હાટીના જશાપરા પ્લોટ વિસ્તારમાં પીયરમાં રહેતી મહિલાને નવાગઢના શખ્સે ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપ્યાની ફરીયાદ માળીયા હાટીના પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના ખાતે પીયરમાં રહેતી મહિલાના લગ્ન જેતપુરના નવાગઢ થયા હતા. જયાં પાડોશમાં રહેતા આરોપી ઈકરામ ઈમ્તીયાઝ ચાવડા સાથે મહિલા સોશ્યલ મીડીયાના માધ્યમથી સંપર્કમાં આવેલ અને મિત્ર તરીકે વાતો કરતા હતા અને છેલ્લા ચાર પાંચ મહિનાથી ફરીયાદીએ આરોપી સાથે વાતો કરવાનું બંધ કરી દીધેલ હોય અને આરોપી સાથે સંબંધ રાખવા માંગતી ન હોય જેથી આરોપીએ સંબંધ રાખવા હેરાન કરતો હોય અને જો ફરીયાદી સંબંધ ન રાખે તો ફરીયાદીના ફોટા અને વીડીયો કોલના વીડીયો વાયરલ કરવાની ધમકી આપ્યા અંગેની મહિલાએ માળીયા હાટીના પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જેસીઆઈ જૂનાગઢ દ્વારા વિકલાંગ દીકરીઓ માટે ભજીયા પાર્ટીનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ માખિયાળા ખાતે જેસીઆઈ જૂનાગઢ દ્વારા સંસ્થામાં રહેતી અતિ વિકલાંગ દીકરીઓ તથા સંસ્થાના કર્મચારીઓ માટે વરસાદી માહોલમાં ભજીયા પાર્ટીનું આયોજન કરવામાં આવેલ હતું. જેસીઆઈ જૂનાગઢના પ્રમુખ જેસી ચિરાગ કડેચા, ડાયરેક્ટર જેસી કિશોર ચોટલીયા, જેસી વિરલ કડેચા, જેસી વિજય ચાવડા, જેસી જયેશ ચોકસી વગેરે આ ભજીયા પાર્ટીમાં ઉપસ્થિત રહી પોતાના હાથે પીરસી ને દીકરીઓને જમાડવાનો અનેરો આનંદ માણ્યો હતો. વિકલાંગ સંસ્થાના પ્રમુખ નીલમબેન પરમાર તથા રેખાબેન પરમાર દ્વારા સંસ્થાની દીકરીઓ માટે કેવી રીતે કાળજી રાખી ઉછેર કરવામાં આવે છે તેની વિશેષ માહિતી આપી સંસ્થાના દરેક રૂમમાં અલગ અલગ પેન્ટિંગ દ્વારા બાળકોને જે પ્રવૃત્તિઓ જેવી કે સંગીત શીખવાડવાનું, આધુનિક સાધનો દ્વારા શારીરિક કસરત કરવાની, શૈક્ષણિક જ્ઞાનની, તેમજ ખાવા પીવાની વ્યવસ્થિત તાલીમ આપી બાળકોનું ખૂબ જ સારી રીતે ઘડતર કરવામાં આવે છે.આ બંને બહેનો એવી દીકરીઓ ની સેવા કરે છે કે જેમના મા બાપ પણ તેમને સંભાળી ન શકે તેવી એકદમ વિકલાંગ દીકરીઓની નિસ્વાર્થભાવે સેવા કરતા જોઈ અમારા પણ હૃદય દ્રવી ઉઠેલા હતા. આ તકે અમે ઉપસ્થિત સર્વ જેસી મેમ્બરો ને કિશોરભાઈ ચોટલીયા દ્વારા એક એવો સંકલ્પ કરાવ્યો કે વર્ષમાં એક વખત અમારા જન્મદિવસ, લગ્ન દિવસ, બાળકોના જન્મદિવસ નિમિત્તે અહીંયા આવી આ બાળકોની સાથે વિતાવવો જેથી આપણા પરિવાર તેમ જ બાળકોને પણ સેવાકીય પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા મળે છે.

## રવિવારે અમદાવાદમાં ૧૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવનનું લોકાર્પણ

**સ્નેહમિલન, કારોબારી બેઠક સહિત ત્રિવીધ કાર્યક્રમો : જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ**



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘ(સૌરાષ્ટ્ર) રાજકોટ સંચાલિત ધીરજલાલ લક્ષ્મણભાઈ તેરૈયા રાજોગોર બ્રાહ્મણ જ્ઞાતિ વિદ્યાર્થી ભુવનના ૬ માળના અધતન વિદ્યાર્થી ભુવનનું ૧૦ કરોડના ખર્ચે અમદાવાદ એસજી હાઈવે વૈષ્ણોદેવી સર્કલ પાસે નિરમા યુનિવર્સિટી પાછળ ગોદરેજ ગાર્ડન સીટી રોડ ત્રાગડ ખાતે આ ત્રિવિધ સમારોહ આગામી તા.૨૮ને રવિવારના રોજ યોજાનાર છે.

જ્ઞાતિજનોના શુભ સંકલ્પ તેમજ સમર્પણથી ધીરજલાલ લક્ષ્મણલાલ તેરૈયા રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન અમદાવાદના સત્રથી શરૂ થઈ રહ્યું છે. આધુનિક સુવીધા પુર્ણ નવનિર્મીત વિશાળ ભુવનને નિહાળવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા અને ભવિષ્યના આયોજન સાથે જ્ઞાતિનું સ્નેહમિલન ઉત્સવ અને સામાન્ય સભા પ્રમુખ બંકિમભાઈ કે. મહેતાના અધ્યક્ષ ઉજવી રહ્યા છે. આ ત્રિવિધ સમારોહમાં સવારે ૧૦ કલાકે વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવ અને ૧૦:૩૦ કલાકે જ્ઞાતિનું સ્નેહમિલન અને બપોરે ૧૨:૩૦ કલાકે ભોજન અને વિરામ ત્યારબાદ બપોરે ૨:૩૦થી ૩:૩૦ પ્રતિનિધિ કારોબારીઓની સામાન્ય સભા યોજાશે. જેમાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘ ટ્રસ્ટી મંડળ મેનેજીંગ ટ્રસ્ટી દિવ્યકાંતભાઈ જોષી તથા ટ્રસ્ટી માજી ધારાસભ્ય ભીખાભાઈ ગલાભાઈ જોષી સહિતનાઓએ સંઘવતી ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

## વરસાદથી પ્રભાવિત સૌરાષ્ટ્રના દ્વારકા તથા જામનગર જિલ્લાનું મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ હવાઈ નિરીક્ષણ કરશે

**દેવભૂમિ દ્વારકાના કુરંગામાં કરશે ખાસ બેઠક અને અધિકારીઓ પાસેથી મેળવશે તારાજીની વિગતો**

(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૨૩

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સૌરાષ્ટ્રના દ્વારકા તથા જામનગર જિલ્લામાં ભારે વરસાદને પગલે સર્જાયેલી સ્થિતિનો તાગ મેળવવા આજે બપોરે દ્વારકા અને જામનગર જિલ્લાના પ્રભાવિત વિસ્તારો ના હવાઈ નિરીક્ષણ માટે જશે. ભૂપેન્દ્ર પટેલ બપોરે ૩-૪૫ વાગ્યે વિમાન દ્વારા જામનગર પહોંચશે અને ત્યાંથી હેલિકોપ્ટર મારફતે વરસાદી અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરવા જશે.

ત્યારબાદ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર અને સબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી જાત માહિતી મેળવશે.

## શુક્રવારથી લંડનમાં જૂનાગઢના શાસ્ત્રી વિપુલકૃષ્ણના વ્યાસાસને વિશ્વકર્મા ચરિત્ર કથા

**અનેક શહેરોમાં સત્સંગનો કાર્યક્રમ**



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

જૂનાગઢના વિપુલકૃષ્ણ શાસ્ત્રીના વ્યાસાસને શ્રી વિશ્વકર્મા શક્તિ મંડળ(વેમ્બલી) ગ્લોબલ લી. દ્વારા આગામી તા.૨૬થી ૨૮ સુધી હેરો લેઝર સેન્ટર મેસાફિલ્ડ સ્યુટ ક્રાઈસ્ટ ચર્ચ એવ લંડન ખાતે શુક્રવારે સાંજે ૪ કલાકથી પ્રારંભ થશે. જેમાં દરરોજ ૪થી ૭ કથા સાર શ્રી વિપુલ કૃષ્ણશાસ્ત્રી સમજાવશે.

શનિવારે શ્રી વિશ્વકર્મા(શીવજી) કથા રવિવારે શ્રી રાંદલમાંના લોટા ઉત્સવ છે. આજે રાજકોટથી હવાઈ માર્ગે લંડન યાત્રા એજયા વિપુલ કૃષ્ણ શાસ્ત્રી રવના થયા હતા. તેઓ વિશ્વ કર્મા પુરાણ ઉપર પ્રવચન આપી સાથે સાથે બેસ્ટર ક્રોઈડન લુટન જેવા અલગ-અલગ શહેરોમાં સત્સંગનો પણ કાર્યક્રમ યોજાનાર છે.

## આંબલગઢ ગામે નદીમાં તણાય જતા આધેડનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) માળીયાહાટીના તા.૨૩

માળીયા હાટીના તાલુકાના આંબલગઢ ગામે કરીયાણું લઈ પરત આવી રહેલ આધેડ નદીમાં તણાય જતા મોત નિપજયાનું માળીયા હાટીના પોલીસમાં નોધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે રોહીત બાબુભાઈ ડગરાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પિતા બાબુભાઈ ડગરા(ઉ.વ.૫૮)વાળાઓ ચાંદ્રાવાડી વિસ્તારમાં કેનાલના કામમાં મજુર કામ કરતા હોય અને કરીયાણું લઈ પરત આવતા આંબલગઢ ગામ નજીક નદીમાં પાણી આવી જતા બાબુભાઈનું તણાય જવાથી મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી.

## મેંદરડા : પાણીનો વેકરો પાર કરતી વેળાએ તણાય જતા વૃધ્ધનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) મેંદરડા તા.૨૩

દેવળીયા રેન્જમાં આવેલ આબુડી નેસ વિસ્તારમાં પાણીનો વેકરો પાર કરતી વેળાએ તણાઈ જતા વૃધ્ધનું મોત થયાનુ મેંદરડા પોલીસમાં નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે ભાવેશભાઈ રાણાભાઈ ગળચરે જાહેર કરેલ કે પોતાના મૃતક પિતા રાણાભાઈ ગળચર (ઉ.વ.૬૭)વાળાઓ પોતાના માલ ઢોર લઈ દેવળીયા રેન્જ નીચે આવેલ આબુડી નેશ વિસ્તારમાં માલઢોર ચારતા હોય દરમ્યાન આબુડી નેસ વિસ્તારમાં આવેલ પાણીનો વેકરો પાર કરતી વખતે વેકરામાં પાણીનો પ્રવાહ એકાએક આવતા પાણીના પ્રવાહમાં તણાય જતા પાણીમાં ડુબી જવાથી રાણાભાઈનું મોત નિપજયાનું જાહેર કરતા મેંદરડા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી.